RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૯૭● તારીખ: ૨૮-૧૦-૨૦૨૫,મંગળવાર● પાના : ૮ ● કિંમત : ૧.૫૦=૦૦ રૂપિયા ● વાર્ષિક લવાજમ રૂ.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# ગુજરાત સહિત દેશના ૧૨ રાજ્યમાં શરુ થશે SIRનો બીજો તબક્કો, ચૂંટણી પંચની મોટી જાહેરાત




દેશભરમાં SIR પ્રક્રિયા હાથ ધરવા માટે ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે રાજધાની દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજીને મહત્ત્વની જાહેરાત કરી છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે કહ્યું છે કે, બિહારની જેમ દેશના અન્ય ૧૨ રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)નો બીજો તબક્કો શરુ કરાશે. દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે કહ્યું કે, 'આજે અમે અહીં SIRના બીજા તબક્કાની શરુઆતની જાહેરાત માટે આવ્યા છીએ. ૧૨ રાજ્યોની મતદાર યાદીના SIRનો બીજો તબક્કો શરુ કરાઈ રહ્યો છે. આ પ્રક્રિયા હેઠળ તમામ રાજ્યમાં મતદાર યાદીમાં નવા નામ ઉમેરવાનું, કાઢવાનું અને અન્ય ખામીઓ સુધારવાનું કામ કરાશે. હું બિહારના ૭.૫ કરોડ મતદારોને નમન કરું છું, જેમણે આ પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી નિભાવી અને તેને સફળ બનાવી. ચૂંટણી પંચે દેશના તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓ સાથે મુલાકાત કરીને પ્રક્રિયા પર વિસ્તારથી ચર્ચા કરી.'જણાવી દઈએ કે, SIR પ્રક્રિયાના બીજા તબક્કામાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ગોવા, કેરળ, લક્ષદ્વીપ, પુડુચેરી અને આંદામાન નિકોબાર પણ સામેલ છે. જ્ઞાનેશ કુમારે કહ્યું કે, 'આ પ્રક્રિયા દરમિયાન બૂથ લેવલ ઑફિસર (BLO) દરેક મતદારોના ઘરે ઓછામાં ઓછા ત્રણ વખત મુલાકાત લેશે, જેથી નવા મતદારોને યાદીમાં જોડી શકાય અને કોઈ પણ ભૂલને સુધારી શકાય. BLO ઘરે-ઘરે જઈને From-6 અને Declaration From એકઠા કરશે, નવા મતદારોને ફોર્મ ભરવામાં મદદ કરશે અને તેમને ERO (ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર) અથવા AERO(આસિસ્ટન્ટ ERO)ને સોંપશે.બીજા તબક્કાની ટ્રેનિંગ મંગળવારથી શરુ થશે. સાથે જ તમામ મુખ્ય ચૂંટણી અધિકારી (CEOs) અને જિલ્લા ચૂંટણી અધિકારી(DEOs)ને નિર્દેશ અપાયા છે કે તેઓ આગામી બે દિવસમાં રાજકીય પક્ષો સાથે મળીને SIR પ્રક્રિયાની માહિતી આપી દે.ચૂંટણી પંચે એ પણ નિર્દેશ આપ્યા છે કે મતદારો- ખાસ કરીને વૃદ્ધો, બીમાર, દિવ્યાંગ (PwD), ગરીબ અને નબળા વર્ગને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન થાય, તેના માટે લોકોની તૈનાતી કરાશે જેથી તેમને વધુમાં વધુ મદદ મળી શકે. કોઈપણ મતદાન કેન્દ્રમાં ૧૨૦૦થી વધુ મતદારો નહીં હોય.'નોંધનીય છે કે, અત્યાર સુધી દેશમાં ૧૯૫૧થી ૨૦૦૪ વચ્ચે આઠ વખત SIR પ્રક્રિયા કરાઈ છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે કહ્યું કે, 'રાજકીય પક્ષોએ અનેક વખત મતદાર યાદીની ગુણવત્તાનો મુદ્દો ઉઠાવ્યો છે.'મુખ્ય ચૂંટણી કમિશ્નરે કહ્યું કે, આ તબક્કામાં જે રાજ્યોમાં જૈંઈ થશે, ત્યાં મતદાર યાદી આજે રાત્રે ફ્રીઝ કરી દેવાશે.મુખ્ય ચૂંટણી અધિકારીએ કહ્યું કે, અનેક કારણ છે જેના કારણે SIR જેવી પ્રક્રિયાની જરુર છે. જેમાં વારંવાર પલાયન સામેલ છે, જેના કારણે મતદારોની એકથી વધુ જગ્યાઓ નોંધણી થઈ જાય છે, મૃત મતદારોના નામ નથી હટાવાટા અને કોઈ વિદેશીનું ખોટી રીતે યાદીમાં સામે સામેલ થાય છે.

## અયોધ્યામાં પૂર્ણ થયું રામ મંદિરનું નિર્માણ કાર્ય, કળશ અને ધ્વજની પણ સ્થાપના



અયોધ્યામાં આવેલું હિંદુ ધર્મનું પવિત્ર તીર્થસ્થળ રામ જન્મભૂમિ મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. આશરે ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યા રામ મંદિર હવે સંપૂર્ણપણે તૈયાર થઈ છે. વર્ષ ૨૦૨૦માં મંદિરના નિર્માણનું કાર્ય શરુ થયું હતું, જેનું ઉદ્ઘાટન ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ માં થયું હતું, પરંતુ કેટલુંક બાંધકામ ચાલુ હતું. જોકે, હવે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, અયોધ્યામાં રામ મંદિર નિર્માણકાર્ય સાથે જોડાયેલ તમામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેમાં મુખ્ય મંદિર, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી, દેવી અન્નપૂર્ણા અને શેષાવતારના છ કિલ્લાવાળા મંદિરોનો સમાવેશ થાય છે.રામ મંદિરના બાંધકામ પૂર્ણ થયા પછી કિલ્લાની દિવાલની અંદર છ મંદિરોમાં ધ્વજદંડ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ પોસ્ટ શેર કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, પ્રભુ શ્રી રામના તમાન ભક્તોને જણાવતા આનંદ થાય છે કે, મંદિરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.આ ઉપરાંત સપ્ત મંડપનું બાંધકામ એટલે કે મહર્ષિ વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, મહર્ષિ અગસ્ત્ય, નિષાદરાજ, શબરી અને ઋષિની પત્ની અહલ્યાના મંદિરોનું બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે. સંત તુલસીદાસજીનું મંદિર પણ પૂર્ણ થઈ ગયું છે. જટાયુ અને ખિસકોલીની મૂર્તિઓ પણ સ્થાપિત થઈ ચૂકી છે.

## ગુજરાત રાજ્યના રાજયકક્ષાના મંત્રીશ્રી શ્રીમાન પી.સી.બરંડા સાહેબે અનેક કાર્યકરોની હાજરીમાં કાર્યભાર સંભાળ્યો



અરવલ્લી જિલ્લાના ભિલોડા મેઘરજ વિધાનસભા ૩૦ વિસ્તારના માનનીય શ્રી પી સી બરંડા સાહેબ રાજય કક્ષા મંત્રીશ્રી, આદીજાતિ વિકાસ,અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા વિભાગ નો કાર્યભાર ( પદગ્રહણ) દ્વારા આજરોજ તા. ૨૭/ ૧૦/૨૫ સોમવારે સવારે ૧૦=૦૦ કલાકે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે ચોથા માળે, સચિવાલય, ગાંધીનગર ખાતે વિધિવત ચાર્જ લેવામા આવ્યો હતો.માનનીય મંત્રીશ્રી તરીકે શ્રીમાન પીસી બરંડા સાહેબે આજ રોજ તેમણે તેમનો કાર્યભાર વિધિસર રીતે સંભાળતા આ પ્રસંગે અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.અખંડ ભારત દૈનિકના મેનેજિંગ એડિટર શ્રી બી એસ પટેલ (CWC Member) એ પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ શુભ પ્રસંગે તેઓને મુલાકાત અને શુભેચ્છાઓ આપવા માટે દૂર દૂર થી તથા અરવલ્લી જિલ્લામાંથી મંડલ, પ્રદેશ તથા જીલ્લાના હોદેદારો,જીલ્લા મોરચા ના હોદ્દેદારો, મંડલ ના હોદેદારો, કારોબારી સભ્યો, ચુંટાયેલા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત ના સદસ્યોશ્રીઓ,મંડલ મોરચા ના પ્રમુખ/મહામંત્રી, જીલ્લા પંચાયત ના ઈન્ચાર્જશ્રીઓ,શક્તિકેન્દ્ર ના તમામ સંયોજક, તમામ સરપંચો,સર્વે કાર્યકર્તા આગેવાનો,તમામ સામાજિક આગેવાનો સાથે અનેક અગ્રણી નેતાઓ, માનનીય મંત્રીશ્રીઓ, માનનીય સંસદ સભ્યોશ્રીઓ, તથા અનેક કાર્યકરો હાજર રહ્યા હતા. શાસ્ત્રોક પૂજન વિધિ બાદ તેઓએ આજરોજ પોતાનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમની સાથે તેમના ધર્મપત્ની તથા પરિવારજનો પણ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યકરોએ માનીય મંત્રીશ્રીને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્વર્ણિમ સંકુલ ૨ મા અનેક શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓની આપલે કરવામાં આવી હતી. સાથે સાથે કાર્યકરો માટે MLA કવાર્ટર ખાતે સ્વરુચી ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. અખંડ ભારત

## નર્મદામાં ભેખડ ધસી પડવાની દુર્ઘટના: મૃતક ત્રણ શ્રમિકોના પરિવારને રૂ. ૫૦-૫૦ લાખની સહાય જાહેર



નર્મદા નદી કિનારે ગોરા ઘાટ ખાતે ચાલી રહેલી નવીનીકરણની કામગીરી દરમિયાન ગઈકાલે રવિવારે (૨૬ ઓક્ટોબર) ભેખડ ધરાસાઈ થતાં અકતેશ્વર ગામમાં ૩ સ્થાનિકો દટાઈ જતાં મૃત્યું નીપજ્યું હતું. સમગ્ર ઘટનાને પગલમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે દુર્ઘટના ઘટી હોવાનો મૃતકોના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. બનાવ અંગે કોન્ટ્રાક્ટર વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. એજન્સીએ ત્રણેય મૃતક શ્રમિકોના વારસદારોને ૫૦-૫૦ લાખ રૂપિયાની આર્થિક સહાય કરવાની મંજૂરી આપી છે. નર્મદા ઘટના નવીનીકરણની કામગીરીમાં નજીકમાં જ પ્રોટેક્શન વોલ બનાવતા સમયે અચાનક ભેખડ ધરાસાઈ થઈ હતી. જેમાં અકતેશ્વર ગામના રહેવાસી ત્રણ શ્રમિકોનો મોત નીપજ્યા હતા. ઘટનાની રાત્રે ન્યાય ન મળે ત્યાં સુધી મૃતકનું પોસ્ટ મોર્ટમ ન કરવા પરિવારજનોએ જીદ પકડી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે એમ ઈફ્રા એજન્સી અને કોન્ટ્રાક્ટર શૈલેષ પટેલ વિરુદ્ધ BNSની કલમ ૧૦૬(૧) (બેદરકારીથી મૃત્યુ) અને ૫૪ (સલામતીના નિયમોનું ઉલ્લંઘન) મુજબ ફરિયાદ નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. બીજે દિવસે ગરૂડેશ્વર સરકારી દવાખાને નાંદોદ ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, ભાજપ પ્રમુખ નીલ રાવ, ધારાસભ્ય ચૈતર વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ તડવી, રણજીત તડવી, નિરંજન વસાવા, સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા નિગમના અધિકારીઓ અને એજન્સીએ મૃતકના પરિવારજનો સાથે બેઠક કરી હતી. આ દરમિયાન મૃતકોના પરિવારને પરિવાર દીઠ કોન્ટ્રાક્ટર તરફથી ૫૦ લાખ રૂપિયાની સહાય, મૃતકોના પરિવારના બાળકોને ભણતરની જવાબદારી, રાજ્ય સરકાર તરફથી પણ સહાય, સહિત નર્મદા નિગમ તરફથી પરિવારને ૧૮ વર્ષથી ઉપરનાને નોકરીની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત બાદ આખરે મૃતકોનું પોસ્ટ મોર્ટમ કરાયું હતું.આ તમામની વચ્ચે ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, 'ત્રણેય મૃતક શ્રમિકોના વારસદારોને ૫૦-૫૦ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવા અંગે એજન્સીએ મંજૂરી દાખવી છે. આજે (૨૭ ઓક્ટોબર) જ ૨૦ લાખ રૂપિયાની રકમ પરિવારજનોને મળી જશે અને બાકીની રકમ ૧૦ દિવસમાં ચૂકવવાની લેખિત ખાતરી પણ મેળવવામાં આવી છે.' ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે 'એજન્સીઓ દ્વારા સેફ્ટી વગર તાબડતોડ કામો અમારા લોકો પાસેથી કરાવવામાં આવે છે. ફરિયાદમાં માનવ વધ જેવી ગંભીર કલમો ઉમેરાવા માગ કરી છે.'

## સૌરાષ્ટ્રથી સુરત જતા પરિવારની કાર ઉમેટા બ્રિજ પાસે આગમાં લપેટાઈ, ટ્રાફિક જામ : તમામનો બચાવ



વડોદરા નજીક મહીસાગર પરના બ્રિજ ઉપર ગઈ મોડી સાંજે એક કાર આગમાં લપેટાતા સુરતના પરિવારનો બચાવ થયો હતો.સિંધરોટ નજીક ઉમેટા બ્રિજ પાસે બનેલા બનાવની વિગત એવી છે કે સુરતના એક પરિવારના પાંચ સભ્યો સૌરાષ્ટ્રથી પરત ફરી રહ્યા હતા ત્યારે એન્જિનના ભાગેથી ધુમાડા નીકળતા કોઈ વાહન ચાલકનું ધ્યાન ગયું હતું અને તેણે કાર ચાલકને જાણ કરી હતી.કારચાલક સતર્ક થઈ ગયા હતા અને તરત જ બાજુમાં કાર પાર્ક કરી પરિવાર સહિત નીચે ઉતરી ગયા હતા તેમજ સામાન પણ બહાર કાઢી લીધો હતો. ત્યારબાદ તરત જ આગ ભડકી ઉઠી હતી અને જોત જોતામાં આખી કાર આગમાં સળગવા માંડી હતી.

બનાવને પગલે બ્રિજ તરફ જતો આવતો ટ્રાફિક બંધ કરી દેવાતા વાહનોની લાંબી કતાર જામી હતી. વાસણા રોડ ફાયર બિગેડની ટીમ દ્વારા આગ કાબુમાં લેવામાં આવી હતી. લગભગ એક કલાક બાદ વાહન વ્યવહાર રાબેતા મુજબનો થયો હતો.

## ગુજરાતમાં કમોસમી વરસાદ: ૫ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં રહેશે માવઠાનું જોર, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

હવામાન વિભાગના ડિરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકમાં આ ડિપ્રેશન વધુ તીવ્ર બનવાની શક્યતા છે. જેના કારણે આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ જોવા મળી શકે છે. વામાન વિભાગના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર-કચ્છમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે મધ્ય ગુજરાતના અમદાવાદમાં સામાન્યથી હળવા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા અનેક જિલ્લાઓ માટે ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓનો સમાવેશ થાય છે. અહીં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

આ સિવાય દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભરુચ, સુરત, નવસારી, વલસાડ, તાપી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને વડોદરામાં ભારે વરસાદની આશંકા છે. બંગાળની ખાડીમાં પણ એક સિસ્ટમ સક્રિય થતાં રાજ્યના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારો ઍલર્ટ પર છે. ગાજવીજ સાથે વરસાદ અને પવનના જોરને પગલે પોર્ટ પર એલસી -૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવાયું છે. માછીમારોને આગામી આદેશ ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

## તંત્રી લેખ......

### શેરબજારમાં ખુશનુમા માહોલ, સેન્સેક્સમાં ૭૦૦થી વધુ પોઇન્ટ ઉછાળો, નિફ્ટી ૨૬૦૦૦ ક્રોસ, ટેલિકોમ શેર્સ બુમ

નવા વર્ષમાં શેરબજાર આકર્ષક સુધારા સાથે રોકાણકારોને રાહત આપી રહ્યું છે. આજે સેન્સેક્સ ૭૦૦થી વધુ પોઇન્ટ ઉછળી ૮૫૦૦૦ તરફ, જ્યારે નિફ્ટી પણ ૨૬,૦૦૦ની સપાટીએ પહોંચ્યો હતો. ૧૧.૩૦ વાગ્યા આસપાસ સેન્સેક્સ ૭૨૦.૨ પોઇન્ટ ઉછળી ૮૪૯૩૨.૦૮ના સ્તરે પહોંચ્યો હતો. જે ૧૨.૨૧ વાગ્યે ૬૫૩ પોઇન્ટના ઉછાળે ૮૪૮૬૬ પર ટ્રેડ થઈ રહ્યો હતો.શેરબજારમાં એકંદરે તેજીના માહોલ સાથે નિફ્ટીએ આજે ૨૬૦૦૦નું લેવલ ક્રોસ કર્યું હતું. જે ૧૨.૨૨ વાગ્યે ૧૮૯.૪૦ પોઇન્ટના ઉછાળે ૨૫૯૯૨.૭૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. ટેલિકોમ્યુનિકેશન, મેટલ, રિયાલ્ટી અને એનર્જી શેર્સમાં મબલક ખરીદી જોવા મળી છે. સુપ્રીમ કોર્ટે એજીઆર કેસમાં ટેલિકોમ કંપનીઓની અરજીને ધ્યાનમાં લેતાં રાહત આપતાં નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટ કેન્દ્ર સરકારને એજીઆર મામલે પુનર્વિચાર કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટના આ નિર્દેશના આધારે NSE પર વોડાફોન આઇડિયાના શેર ૯% વધીને રૂ. ૧૦.૪૭ પર ટ્રેડ થયો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ૨૦ કરોડ યુઝર્સના હિતમાં ફક્ત વિશિષ્ટ તથ્યો અને સંજોગોને ધ્યાનમાં લેતાં આ આદેશ પસાર કરવામાં આવ્યો છે. વિદેશી રોકાણકારોએ છેલ્લા કેટલાક દિવસથી ભારતીય મૂડી બજારમાં રોકાણ વધાર્યું છે. ૨૩ ઓક્ટોબરે એફઆઈઆઈએ રૂ. ૧૧૬૫.૯૪ કરોડની વેચવાલી નોંધાવી હતી. તે સિવાય ૧૫ ઓક્ટોબરથી ૨૪ ઓક્ટોબર દરમિયાન વિદેશી રોકાણકારોએ રૂ. ૨૮૮૩.૫૯ કરોડની ખરીદી નોંધાવી હતી.અમેરિકામાં ફુગાવો અપેક્ષા કરતાં નરમ રહેતાં ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડો થવાની તીવ્ર શક્યતા છે.

# પ્રાંતિજ પંથકમાં કમોસમી માવઠાથી ખેતી પાકને નુકશાનની ભિંતી



કુંવરસિંહ ચૌહાણ-સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અનેક ગામોમાં હવામાનના અણધાર્યા પલટાને કારણે વરસાદી માવઠું થતાં ખેડૂતો નો મોઢામાં આવેલો કોળીયો છીનવાઇ જવાની મુંઝવણ ભરી સ્થિતિમાં મુકાયા છે.એક તરફ પાકના પુરતા ભાવ ન મળતાં પડ્યા પર પાટું વાગ્યું એવી દયનીય સ્થિતિ સેવાઇ રહી છે અત્યારે ડાંગર અને બીજા અનેક પાક પાકી તૈયાર થયા છે ત્યારે આ માવઠું થવાથી ખેડૂતોનો પાક બગડવાથી ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. અખંડ ભારત

# ઉનાઈ-વાંસદા નેશનલ હાઈવેના અત્યંત ખરાબ હાલ: ધૂળની ડમરીઓથી રાહદારીઓ ત્રસ્ત, લોકોમાં રોષ



કુંજ પરમાર -ઉનાઈથી વાંસદા તરફ જતો વાપી-શામળાજી નેશનલ હાઈવે વર્ષોથી બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ચોવીસ કલાક ધમધમતા આ હાઈવે પરના ખાડાઓને કારણે વાહનો ખોટકાઈ જાય છે અને ઉડતી ધૂળની ડમરીઓથી લોકોના આંખ, કાન અને ગળાને નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ધૂળના કારણે વિઝિબિલિટી ઘટી જતાં અકસ્માતનો ભય રહે છે.આ ખરાબ રસ્તાને લીધે ઈમરજન્સીમાં દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવાનું પણ મુશ્કેલ બન્યું છે. સ્થાનિક વેપારીઓએ જણાવ્યું કે રસ્તાની હાલતને કારણે દિવાળીના સમયે ખરીદી માટે આવતા લોકોએ અન્ય રસ્તાઓનો ઉપયોગ કર્યો, જેનાથી સ્થાનિક બજારમાં મંદીનો માહોલ છવાયો હતો. લોકો આ મામલે નેતાઓ અને હાઈવે ઓથોરિટીના સરકારી બાબુઓની ઉદાસીનતા સામે સોશિયલ મીડિયા દ્વારા પોતાનો રોષ ઠાલવી રહ્યા છે. પ્રજાના ટેક્સના પૈસે ચાલતા તંત્રને લોકોની સુખાકારી માટે તાત્કાલિક પગલાં લેવા લોક માંગ ઉઠી છે.-અખંડ ભારત



# જુનાગઢ 'એ' ડિવિઝન પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ: અરજદારો/ફરિયાદીઓને રૂ. ૩૩.૪૬ લાખનો મુદામાલ પરત કરાયો




કિશન બહેચા -પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કરતા જુનાગઢ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ અરજદારો અને ફરિયાદીઓને કુલ રૂ. ૩૩,૪૬,૨૭૫/- (તેત્રીસ લાખ છેતાલીસ હજાર બસો પંચોતેર)નો મુદામાલ પરત સોંપવામાં આવ્યો હતો.પી.આઇ. આર.કે.પરમારના માર્ગદર્શન હેઠળ પોલીસે ટેક્નિકલ સોર્સ અને CEIR પોર્ટલની મદદથી ગુમ/ચોરી થયેલા ૧૪ મોબાઇલ ફોન (કિંમત રૂ. ૨,૩૬,૨૭૫/-), એક ગુનામાં રીકવર થયેલી રૂ. ૩૦ લાખની રોકડ, દિવાળી ખરીદી દરમિયાન ગુમ થયેલા રૂ. ૬૦,૦૦૦/- રોકડા અને રૂ. ૫૦,૦૦૦/-ની કિંમતનું એક મોટરસાયકલ શોધી કાઢી તેના મૂળ માલિકોને પરત આપ્યું હતું. 'એ' ડિવિઝન પોલીસે આ લોકહિતના કાર્ય દ્વારા પ્રજામાં પોલીસ પ્રત્યેનો વિશ્વાસ મજબૂત કર્યો હતો.-અખંડ ભારત

# ચીખલીનું આલિપોર ગામ: વિકાસનું પ્રતિક અને ૮૫૦ વર્ષ જૂના જૈન દેરાસરને કારણે અખંડ ભારતની એકતાનું પ્રતીક




કુંજ પરમાર -નવસારી જિલ્લાના ચીખલી તાલુકાનું આલિપોર ગામ, જે ૫ હજારથી વધુ વસ્તી ધરાવે છે અને મુસ્લિમ સમાજની વધુ વસ્તી છે, તે વિકાસ અને સાંપ્રદાયિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ગામમાં આશરે ૮૫૦ વર્ષ જૂનું જૈન દેરાસર આવેલું છે, જે જૈન સમાજ માટે આસ્થાનું કેન્દ્ર છે.સરપંચ નરેશભાઈ પટેલ અને તેમની ટીમે ગામમાં પાયાની તમામ સુવિધાઓ સુનિશ્ચિત કરી છે. ગામના તમામ ફળિયા-ગલીઓમાં સ્ટ્રીટ લાઈટ, પાકા ડામરના રસ્તાઓ, યોગ્ય ગટર વ્યવસ્થા અને ડોર-ટુ-ડોર કચરા કલેક્શનના કારણે ગામ સ્વચ્છ અને સુંદર બન્યું છે. ગરીબ આદિવાસી પરિવારો માટે ૨૦૦થી વધુ પાકા સરકારી આવાસનું નિર્માણ કરાવી આપવામાં આવ્યું છે. પાણીની સમસ્યા નિવારવા માટે હેડપંપ, બોર અને પાણીની ટાંકીઓ બનાવવામાં આવી છે.જોકે, નેશનલ હાઈવે નંબર ૪૮ની બાજુમાં આવેલા આલિપોર ગામ તરફ દેગામથી આવતા માર્ગ પર NHAI દ્વારા સર્વિસ રોડ ન બનાવાતાં મોટા ખાડાઓ પડ્યા છે, જેના કારણે સ્થાનિકોમાં અકસ્માતનો ભય છે. આ માર્ગ સત્વરે બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.-અખંડ ભારત

# ભારત પ્રત્યે સમર્પિત એક માત્ર પરદેશી વ્યક્તિત્વ "અહીં સિસ્ટર નિવેદિતા ચિરનિંદ્રામાં સુતા છે, જેમણે ભારત માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું છે.

(અંક નંબર ૪૯૪)

અહીં ભગિની નિવેદિતા ચિરનિંદ્રામાં સૂઇ રહ્યાં છે, જેણે ભારત માટે પોતાનું સર્વસ્વ આપી દીધું છે. આવું વાક્ય બિન ભારતીય હોવા છતાં સાચા ભારતીય રાષ્ટ્રવાદ સાથે જીવન જીવનારા એવા તેમના સિવાય બીજા કોઈ અન્ય ભારતીય કે બિન ભારતીયની કબર ઉપર આજ સુધી લખાયું નથી!

સિસ્ટર નિવેદિતા એક ભારતીય રાષ્ટ્રવાદના પ્રણેતા,સામાજિક કાર્યકર, શિક્ષિકા અને લેખિકા હતા. હકીકતમાં, આ આચરણ તેમના પિતા અને કોલેજના શિક્ષકોના ઉપદેશોથી પ્રેરિત હતું કે માનવતાની સેવા એ જ ભગવાનની સાચી સેવા છે.૧૮૯૯માં કલકત્તામાં પ્લેગ ફાટી નીકળ્યા અને ૧૯૦૬ના પૂર્વ બંગાળના દુષ્કાળ દરમિયાન, તેમણે દર્દીઓની સારવાર માટે પોતાનો જીવ જોખમમાં મૂક્યો. દુષ્કાળ દરમિયાન લોકોની સારવાર કર્યા પછી, સિસ્ટર નિવેદિતાએ મેલેરિયા નાબૂદ કરવાનું કાર્ય હાથમાં લીધું, પરંતુ તેણીએ પોતે જ તેનો ચેપ લગાવ્યો, જેના કારણે આખરે તેમનું જીવન ગયું.

યુરોપના ભોગવિલાસ છોડી ભારતની આજીવન સેવા કરનાર,સ્વામી વિવેકાનંદ પાસે હિંદુ ધર્મની દીક્ષા લેનાર મહાન વિદુષી કુ.ભગિની નિવેદિતા-મિસ માર્ગારેટ એલિઝાબેથ નોબલ નો જન્મ ૨૮ ઓક્ટોબર,૧૮૬૭ ના રોજ આયર્લેન્ડના એક નાનકડા ગામમાં થયો હતો.માર્ગારિટના પિતા સેમ્યુઅલ આયરિશ ચર્ચમાં પાદરી હતા.સેવાકાર્યમાં રુચિ હોવાથી ઘર આવેલા ભારતીય પાદરીએ માર્ગારિટને કહ્યું કે,'કદાચ તેમને ભારત જવું પડે'.ત્યારથી તેમનાં સપનામાં ભારત વસવા લાગ્યું.૩૪ વર્ષે પિતાનું દેહાંત થતાં તેમની પત્ની મેરીને કહ્યું કે જો માર્ગારિટ ભારત જવા માગે,તો તેમને રોકે નહિ.માર્ગારિટની સગાઈ બાદ પરંતુ લગ્ન પહેલાં તેમના મંગેતરનું બીમારીથી મૃત્યુ થતાં તેમનું સંસારમાંથી મન ઊઠી ગયું.એક દિવસ તેમની સહેલીએ તેમને ઘરે બોલાવી.ત્યાં શિકાગોના વિશ્વ ધર્મ સંમેલનમાં ભાષણ આપી પ્રસિદ્ધ થયેલા સ્વામી વિવેકાનંદ આવ્યા હતા.તેમનાથી વાત કરી માર્ગારિટના હૃદયના તાર ઝંકૃત થઈ ઊઠ્યા.પછીથી તેમનો ભેટો સ્વામી સાથે કેટલીય વખત થયો.સ્વામીજીએ ભારતની દુર્દશા વર્ણવી તો જાન્યુઆરી,૧૮૯૮માં કોલકાતા જવા નીકળી પડ્યા.અહીં આવી તે સૌથી પહેલાં નિર્ધન અને નિર્બળ વચ્ચે કામ કરવા બંગાળી ભાષા શીખી.૨૫ માર્ચ,૧૮૯૮ ના રોજ સ્વામી વિવેકાનંદે તેમને ભગવાન શિવની પૂજા વિધિ શીખવાડીને 'નિવેદિતા' નામ આપ્યું.તેમણે અહીં કઠિનાઈ વચ્ચે પણ કામ કર્યું.કોલકાતામાં પ્લેગ દરમિયાન તેમણે ગલીથી લઇ ઘરનાં શૌચાલય સાફ કર્યા.વિદેશમાં ધન મેળવા ગયા ત્યારે તે પાદરી દ્વારા હિન્દુ ધર્મ વિરુદ્ધ ખોટાં પ્રચારનો જડબાતોડ જવાબ દીધો.તેમનો મત હતો કે ભારતની દુર્દશાનું એક કારણ વિદેશી ગુલામી પણ હતી.અથાક પરિશ્રમના કારણે ૧૩ ઓક્ટોબર,૧૯૧૧ ના દાર્જીલિંગમાં તેમનું ૪૪ વર્ષ ની વયે મૃત્યુ થયું. મૃત્યુ પહેલાં પોતાની બધી સંપત્તિ બેલૂર મઠને દાન આપી દીધી હતી.

ભારતીય રાષ્ટ્રવાદ પર સિસ્ટર નિવેદિતાના મંતવ્યો ખૂબ જ પ્રેરક હતા

કર્મયોગિન મેગેઝિનના એક અંકમાં, સિસ્ટર નિવેદિતાએ એક નિવેદન પ્રકાશિત કર્યું જેને તેમના વેદ-વાક્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તેમાં લખ્યું હતું:

હું માનું છું કે ભારત એક, અવિભાજ્ય અને અજેય છે.

રાષ્ટ્રીય એકતાનો પાયો એક ઘર, સામાન્ય હિતો અને સામાન્ય સ્નેહની ભાવના છે.

હું માનું છું કે વેદ અને ઉપનિષદોમાં, વિવિધ ધર્મો અને સામ્રાજ્યોના નિર્માણમાં, વિદ્વાનોના જ્ઞાનમાં અને સંતોના ધ્યાનમાં પ્રગટ થયેલી શક્તિ આપણી વચ્ચે ફરી ઉભરી આવી છે અને આજે તેને રાષ્ટ્રવાદ તરીકે ઓળખવામાં આવે છે.

હું એમ પણ માનું છું કે ભારતનો વર્તમાન તેના ભૂતકાળ સાથે અવિભાજ્ય રીતે જોડાયેલો છે, તેથી તેની ભવિષ્યની સંભાવનાઓ નિ:શંકપણે ઉજ્જવળ છે.

હે રાષ્ટ્ર, મારી પાસે આવો! હું કોઈપણ સ્વરૂપમાં તમારું સ્વાગત કરવા તૈયાર છું, પછી ભલે તે આનંદ હોય કે દુ:ખ, સન્માન હોય કે શરમ. મને સ્વીકારો.

નિવેદિતા માટે ભારત એક પવિત્ર ભૂમિ હતી. તેમના માટે, ભારતનો દરેક વ્યક્તિ એક સદાચારી આત્મા હતો. તેઓ કહેતા કે ...

તમે ભારતીય છો, તમે મારી પાસેથી શું સલાહ સાંભળવા માંગો છો? તમે લોકો શું નથી જાણતા? તમે ભગવાન કૃષ્ણના વંશજ છો, હું તમને વંદન કરું છું.

ખરેખર, ભારતના સ્વતંત્રતા સંગ્રામ પ્રત્યેની તેમની ઊંડી પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે ભારતીય જીવનશૈલીમાં તેમની સંપૂર્ણ કટિબદ્ધતા દર્શાવે છે.

ભારતના સમર્પિત સ્વાતંત્ર્ય સેનાની, બહેન નિવેદિતા અરવિંદો ઘોષ દ્વારા નિયુક્ત રાજકીય સમિતિના પાંચ સભ્યોમાંના એક હતા, જેમણે ક્રાંતિકારીઓના વિખરાયેલા જૂથોને એક કરવાનું કામ સોંપવામાં આવ્યું હતુ.તેઓ દર રવિવારે પોતાના ઘરે વૈજ્ઞાનિકો, કલાકારો, પત્રકારો અને ક્રાંતિકારીઓના મેળાવડાનું આયોજન કરતા અને જેમાં અરવિંદના નાના ભાઈ બરીન્દ્ર ઘોષ મુખ્ય હતા.

સિસ્ટર નિવેદિતાએ ૧૯૦૨માં યુનિવર્સિટી કમિશનની સ્થાપનાની નિંદા કરી હતી, જે ભારતની રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીને દબાવવા માટે રચવામાં આવ્યું હતું.

તેમની જાહેર સભાઓમાં, તેમણે ૧૯૦૫માં બંગાળના વિભાજનના બ્રિટિશ સરકારના નિર્ણય સામે પ્રખ્યાત ક્રાંતિકારી આનંદ મોહન બોઝ દ્વારા રજૂ કરાયેલા ઠરાવની ભારપૂર્વક હિમાયત કરી હતી. તેઓ એક પ્રખર લેખિકા હતા અને પ્રબુદ્ધ ભારત, સંધ્યા અને નવા ભારતમાં લેખોનું યોગદાન આપ્યું હતું.અરવિંદ ઘોષ, તેમના ભાઈ બરીન્દ્ર ઘોષ અને સ્વામી વિવેકાનંદના નાના ભાઈ ભૂપેન્દ્ર નાથ દત્ત દ્વારા સંચાલિત ક્રાંતિકારી અખબાર યુગાંતર ની યોજના ૧૨ માર્ચ, ૧૯૦૬ ના રોજ નિવેદિતાના ઘરે કલ્પના કરવામાં આવી હતી. તિરુમાલાચારી દ્વારા લખાયેલ 'બાલ ભારત' અને બિપિન ચંદ્ર પાલ દ્વારા લખાયેલ 'બંદે માતરમ' પાછળ પણ તેઓ પ્રેરણાસ્ત્રોત હતા.

તેમણે યુગાંતરનું અવિરત પ્રકાશન સુનિશ્ચિત કર્યું અને ભૂપેન્દ્રનાથ દત્તને જેલમાં મોકલવામાં આવ્યા ત્યારે તેમના પર લાદવામાં આવેલા ૧૦ રૂપિયાના દંડની ચૂકવણી માટે ભંડોળ એકત્ર કરવામાં મદદ કરી.તેમણે ફક્ત દેશમાં જ નહી પરંતુ વિદેશમાં પણ ક્રાંતિકારીઓને મદદ કરી. તેઓ ૧૯૦૭ માં ઈંગ્લેન્ડ ગયા અને બ્રિટિશ સાંસદો સાથેની બેઠકો અને મુલાકાતોના અહેવાલો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું.

તેમણે ભૂપેન્દ્રનાથ દત્ત અને તારક દત્ત જેવા દેશનિકાલમાં અનેક ક્રાંતિકારીઓને મદદ કરી અને વિદેશમાં ક્રાંતિકારી જર્નલોના અવિરત પ્રકાશન અને વિતરણ માટે ભંડોળ એકત્ર કર્યું.

બહેન નિવેદિતા બહુપક્ષીય પ્રતિભા ધરાવતી મહિલા હતી. સ્વામીજીના પરિવર્તિત કરવાના કઠોર પ્રયાસોએ તેમને દેશભક્ત બનાવ્યા. તેણીએ પોતાની જાતને સાચી ભારતીયતા સાથે આખા જગતને ઓળખાવી હતી.....રામે...રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ

# શ્રી અર્બુદા આંજણા સમાજ શામળાજી પ્રદેશનું સન્માન અને સ્નેહ સંમેલન ખોડંબા મુકામે યોજાયું






ડી. કે. પટેલ- અરવલ્લી જિલ્લામાં શામળાજી તાલુકામાં આવેલ ખોડંબા મુકામે શ્રી અર્બુદા આંજણા સમાજ સેવા મંડળ શામળાજી પ્રદેશની ૨૬મી સાધારણ સભા અને સ્નેહ મિલન સંમેલન પ્રમુખશ્રી મનુભાઈ કચરાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયું. જેમાં આમંત્રિત મહેમાનો તરીકે સમાજના ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ - ખેરંચા, નિકુંજભાઈ પટેલ- ખેરાડી , ધવલભાઇ પટેલ- ખોડંબા, હર્ષભાઈ પટેલ- ટીંટોઇ , વિપુલભાઈ પટેલ- વણઝર , દિનેશભાઈ પટેલ- ખેરંચા ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી તેમજ સ્વાગત ગીત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું ખોડંબા ગામના નીતિનભાઈ પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ગ્રામજનો દ્વારા ફૂલછડી અને સાલથી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ સમાજના મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ દ્વારા સને ૨૦૨૪/ ૨૫ ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા તેમજ સમાજ ઉત્થાન તેમજ સમૂહ લગ્નની વાત મૂકી હતી ત્યારબાદ સમાજના વર્ષ ૨૦૨૪/૨૫ના ધોરણ ૧ થી ૧૨ તેમજ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ સિદ્ધિઓ હાંસલ કરનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા ત્યારબાદ સમાજના નિવૃત્ત કર્મચારી ભાઈઓ, બહેનો તેમજ નવી નિમણૂક પામેલા, પ્રમોશન મેળવેલ, સામાજિક, રાજકીય, શૈક્ષણિક, સિદ્ધિઓ હાંસલ કરનાર ભાઈઓ બહેનોને સન્માનિત કરવામાં આવ્યા. તમામ મહેમાન શ્રીઓએ પોતાના વક્તવ્યમાં સમાજને આગળ લાવવા અને ભાવિ દિશા સૂચક માર્ગદર્શન આપ્યું તેમજ તમામે સમાજ ઉપયોગી થવાની ખેવના વ્યક્ત કરી હતી. સમાજના દરેક ગામોમાંથી ગામ પ્રતિનિધિ ઓએ સમાજના જરૂરી સુધારા વધારાઓ સામાજિક રીત રિવાજોની યુવા શક્તિ, મહિલા શક્તિ નું યોગદાન તમામ પ્રકારના વિચારો રજૂ કર્યા હતા.સમાજના પ્રમુખશ્રી મનુભાઈ કચરાભાઈ પટેલે સમાજના ઉત્થાન માટે,સમાજમાં ઉપયોગી થવા માટે, ભાવિ પેઢીના ઘડતર માટે, તેમજ ખોડંબા ગામના ગ્રામજનો તેમજ સરપંચ શ્રી ગીરીશભાઈ પટેલ દ્વારા સમાજ માટે જમીન સંપાદન માટે મૂકવામાં આવેલા પ્રસ્તાવને જાહેર મંચ ઉપર સમર્થન મેળવી અને જાહેર કર્યું તેમજ તે દિશામાં આગામી સમયમાં શરૂઆત કરવાની વાત મૂકી હતી તેમજ સમાજના પ્રત્યેક વ્યક્તિએ ખભે ખભો મિલાવી સમાજ નિર્માણના કામમાં જોડાઈ જવાની ખેવના વ્યક્ત કરી હતી.આ પ્રસંગે ઉદાર હાથે દાનનો વહેલો પ્રવાહ પણ થયો જેમાં પટેલ વિપુલભાઈ રમેશભાઈ વણઝર એ ૧,૦૧૦૦૧,પટેલ શારદાબેન રામાભાઇ હસ્તે નિકુંજભાઈ પટેલ ખેરાડી એ ૧૦૦૦૦૦,પટેલ ધવલભાઇ ભગવાનદાસ ખોડંબા ૫૧૦૦૦, પટેલ વિઠ્ઠલભાઈ સદાભાઈ ખેરંચા એ ૫૧૦૦૦,પટેલ દિનેશભાઈ નાથાભાઈ ખેરંચાએ ૫૧૦૦૦,પટેલ બેચરભાઈ વિરસંગભાઈ ટીટોઈ હસ્તે હર્ષભાઈ પટેલ દ્વારા ૫૧૦૦૦,પટેલ વસંતભાઈ કચરાભાઈ શામળપુર ૨૧૦૦૦,પટેલ ભગાભાઈ વક્તાભાઈ ખેરંચા ૧૧૦૦૦,પટેલ ભરતભાઈ સદાભાઈ શામળપુર ઈનામી ફંડ પેટે૧૧૦૦૦, પટેલ ગીરીશભાઈ હરિભાઈ ખોડંબા ૧૧૦૦૦ રૂપિયા ઈનામી ફંડ, પટેલ શંકરભાઈ કોદરભાઈ વણઝર ૧૧૦૦૦,પટેલ શંકરભાઈ બેચરભાઈ વણઝર ૧૧૦૦૦,પટેલ ડાહ્યાભાઈ પ્રભાભાઈ ખેરાડી ૫૧૦૦ ઈનામી ફંડ પેટે,પટેલ હીરાબેન કોદરભાઈ ખેરંચા ૫૧૦૧ નું ઈનામી ફંડ,પટેલ કમલેશભાઈ રામાભાઈ ખેરંચા દ્વારા ૫૧૦૦,પટેલ મેહુલભાઈ કોદરભાઈ શામળપુર દ્વારા ૫૧૦૦,પટેલ શારદાબેન મોતીભાઈ ટીટોઈ હસ્તે જાગૃતિબેન દ્વારા ૫૧૦૦,પટેલ રામાભાઇ ધર્માભાઈ ખેરાડી ૫૦૦૦,આ ઉદાર હાથે દાન આપનાર તમામ દાતાશ્રીઓનો આભાર. સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ ખોડંબા ગામના પટેલ શૈલેષભાઈ દ્વારા કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પટેલ હિતેશભાઈ, પટેલ જયેશભાઈ, પટેલ નિકુલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત વડીલો,માતાઓ, યુવાન ભાઈઓ, બહેનો તેમજ બાળકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ ખુબ ખુબ ધન્યવાદ. યજમાન ગામ ખોડંબાના સમાજના સર્વે સ્વજનો કે જેમને સુંદર વ્યવસ્થા પૂરી પાડી તે બદલ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અખંડ ભારત

## તુલસીશ્યામમાં શ્રદ્ધાનો ઘોડાપૂર: પાંચ દિવસમાં ૭૫ હજારથી વધુ દર્શનાર્થીઓ ઉમટ્યા



વાળા બાબભાઈ -કાઠિયાવાડના બાબરીયાવાડમાં સ્થિત પવિત્ર તુલસીશ્યામ મંદિરે તારીખ ૨૦ થી ૨૪ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ૭૫,૦૦૦ થી વધુ પ્રવાસીઓએ શ્રી શ્યામ સુંદર ભગવાનના દર્શનનો લાભ લીધો હતો.

યાત્રિકોએ ગીરની ગોદમાં કુદરતી ગરમ પાણીના કુંડમાં સ્નાન કર્યું હતું અને નિજ મંદિર સામેના પર્વત પર બિરાજમાન રૂક્ષમણી માતાના દર્શન પણ કર્યા હતા.અહીં બારેમાસ ચાલતા અન્નક્ષેત્રનો લાભ લઈને અનેક યાત્રિકોએ રાત્રી રોકાણ કર્યું હતું. જોકે, ભારે ટ્રાફિકના કારણે યાત્રિકોને સમયસર પહોંચવામાં મુશ્કેલી પડી હતી.-અખંડ ભારત

## આંકલવામાં ભારે વરસાદથી ડાંગરના પાકને મોટું નુકસાન, ખેડૂતોએ વળતરની માંગ કરી



સંજય ભોઈ - આંકલવા-લુણાવાડા વિસ્તારમાં ભારે વરસાદના પગલે ખેડૂતોના તૈયાર થયેલા પાકને મોટું નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે.વરસાદને કારણે ડાંગરનો પાક ખેતરોમાં પલળી ગયો છે અને કાપેલી ડાંગરમાં પણ પાણી ફરી વળ્યા છે. જેના લીધે ખેડૂતોને ભારે આર્થિક નુકસાનીનો સામનો કરવો પડ્યો છે.ખેડૂતોએ રાજ્ય સરકાર સમક્ષ નુકસાનનું તાત્કાલિક સર્વે કરી યોગ્ય વળતર આપવાની માંગ કરી છે.-અખંડ ભારત

## કરજાળાના સેલ કાઠા હનુમાન મંદિરે રાજકીય આગેવાનોનો જમાવડો



પ્રશાંત વનરા -અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામમાં આવેલા સુપ્રસિદ્ધ અને પ્રાચીન સેલ કાઠાના હનુમાનજી મંદિરે તારીખ ૨૬-૧૦-૨૦૨૫, રવિવારના રોજ રાજકીય મહાનુભાવોનો જમાવડો થયો હતો. સંત દાનબાપુના સમયનો ઈતિહાસ ધરાવતી આ જગ્યાએ હનુમાનજી દાદાને ભક્તો લોટની માનતા અર્પણ કરે છે.હનુમાનજી દાદાના થાળમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં રાજકોટના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, પૂર્વ ધારાસભ્ય વી.ડી. ઝાલાવાડીયા અને પૂર્વ સાંસદ નારાયણભાઈ કાછડીયાનો સમાવેશ થાય છે.-અખંડ ભારત

## ઉગામેડી ખાતે કોળી સમાજનું ભવ્ય સન્માન અને સ્નેહમિલન સમારોહ યોજાયો





હિતેન મકવાણા - બોટાદ જિલ્લાના ઉગામેડી ગામે કોળી સમાજની એકતા અને ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવવા માટે ભવ્ય સ્નેહ મિલન અને સન્માન સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ સમારોહમાં સમગ્ર બોટાદ જિલ્લામાંથી કોળી સમાજના અગ્રણીઓ અને હોદ્દેદારો જોડાયા હતા. મુખ્યરૂપે, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને ગ્રામ પંચાયત કક્ષાએ ચૂંટાયેલા કોળી સમાજના તમામ પ્રતિનિધિઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમની નિષ્ઠાવાન સેવા બદલ ટ્રોફી અને મોમેન્ટો આપીને તેમનું બહુમાન કરાયું હતું.ઉપસ્થિત મહાનુભાવોએ સમાજને શિક્ષણ, વ્યસનમુક્તિ અને સંગઠનના માર્ગે આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. સ્નેહ મિલન થકી સમાજના લોકોએ એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી થવાનો અને સમાજની ઉન્નતિ માટે સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ લીધો હતો.આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજક સમિતિના પ્રવિણભાઈ કોળી, ડોક્ટર હરેશભાઈ મકવાણા, દિનેશભાઈ જાદવ, પરેશભાઈ સલૈયા અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ થકી કોળી સમાજમાં એકતા અને સકારાત્મકતાનો સંદેશો ફેલાયો હતો.-અખંડ ભારત

## કોઠંબા ખાતે તૂરી-બારોટ સમાજનું સ્નેહમિલન, મોંઘવારીને ધ્યાનમાં રાખી રીત-રિવાજોમાં ફેરફાર



જગદીશ તૂરી - મહિસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના ધી આઈ.ડી.એલ. હાઈસ્કૂલ ખાતે તૂરી-બારોટ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોઠંબા, ચારણ ગામ, ખાતુ પગીના મુવાડા, ભલાડા, વરધરી, લુણાવાડા અને વાડોદર સહિત સાત ગામના આગેવાનો, વડીલો, યુવા મિત્રો અને સમાજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સમારોહનો મુખ્ય હેતુ ચાલતા રીત-રિવાજોમાં આજની મોંઘવારીને ધ્યાનમાં રાખીને ફેરફાર કરવાનો હતો. સમાજની દ્રષ્ટિએ મધ્યમ અને ગરીબ વર્ગને પોષાય તેવા કેટલાક મહત્વના નિયમો સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ચારણ ગામના સરપંચ શ્રી કિરણભાઈ બારોટે સુંદર વિચારધારા રજૂ કરી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન આજુબાજુના ગામડાઓ તેમજ સમસ્ત કોઠંબા ગામના યુવા મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## રાષ્ટ્રીય થ્રોબોલ સ્પર્ધા – ૨૦૨૫, વિરમગામ: કર્ણાટક બન્યું રાષ્ટ્રીય વિજેતા



પંચાલ ધાર્મિક -એમેચર થ્રોબોલ એસોસિએશન ગુજરાત રાજ્યના નેજા હેઠળ વિરમગામમાં શ્રી હરી નર્સિંગ કોલેજ કેમ્પસમાં રાષ્ટ્રીય થ્રોબોલ સ્પર્ધા–૨૦૨૫નું ભવ્ય આયોજન થયું હતું.આ સ્પર્ધામાં દેશના ૨૧ રાજ્યોની ટીમોએ ઉત્સાહ અને દૃઢ સંકલ્પથી ભાગ લીધો હતો. ત્રણ દિવસ ચાલેલી સ્પર્ધામાં જુનિયર બોયઝ અને જુનિયર ગર્લ્સ બંને વિભાગમાં કર્ણાટક રાજ્યની ટીમે વિજય મેળવી રાષ્ટ્રીય વિજેતાનો ખિતાબ જીત્યો હતો.વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.-અખંડ ભારત



# ગીર સોમનાથમાં કમોસમી વરસાદથી ખેડૂતો પાયમાલઃ મગફળી અને સોયાબીનને મોટું નુકસાન, રાહત પેકેજની માંગ



ખાનાની અયુબભાઇ-ગીર સોમનાથ જિલ્લાના તાલાળા, કોડીનાર, અને સૂત્રાપાડા સહિતના તમામ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોનો તૈયાર થયેલો પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે.મગફળી અને સોયાબીન જેવા મુખ્ય ચોમાસુ પાકોને ૧૦૦ ટકા જેટલું નુકસાન થવાથી ખેડૂતો નિરાધાર બન્યા છે. ખાસ કરીને તાલાળા તાલુકામાં ખેતરમાં પડેલો મગફળીનો પાક કમોસમી વરસાદને કારણે સંપૂર્ણપણે નાશ પામ્યો છે, જેનાથી ખેડૂતોનું બજેટ ખોરવાઈ ગયું છે અને આગળની સીઝન (ઘઉંનું વાવેતર) કેવી રીતે કરવી તેની મૂંઝવણમાં છે.વરસાદના કારણે પશુધનનો ચારો પણ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો હોવાથી ખેડૂતો મૂંગા પશુઓને બચાવવાની ચિંતામાં છે.ખેડૂતોએ રાજ્ય સરકાર પાસે આ કુદરતી આફતમાં તાત્કાલિક સર્વે કરીને ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકાઓ માટે રાહત પેકેજ જાહેર કરવાની આશા સાથે માંગ કરી છે. તાલાળા વિધાનસભાના ધારાસભ્ય શ્રી ભગાભાઈ બારડે પણ તેમના વિસ્તારના ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવા સરકાર સમક્ષ રજૂઆત કરી છે.-અખંડ ભારત

# સુરલભીટ મંદિર પાછળના વાડી વિસ્તારમાંથી જુગાર રમતા ૭ શખ્સો ઝડપાયા




જયેશ ગુસાંઈ - ભુજ શહેર બી ડિવિઝન પોલીસે મોટી કાર્યવાહી કરીને સુરલભીટ મંદિર પાછળના વાડી વિસ્તારમાંથી જુગાર રમતા ૭ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.પોલીસ મહાનિરીક્ષકશ્રી ચીરાગ કોરડીયા સાહેબ અને પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા સાહેબની સૂચનાના આધારે ભુજ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. શ્રી એસ.એમ. રાણાના માર્ગદર્શન હેઠળ દરોડો પાડવામાં આવ્યો હતો.પોલીસે ગંજીપાના વડે તીન પત્તીનો જુગાર રમતા (૧) લતીફ જુસબ કુંભાર, (૨) ઉમર ઈસ્માઈલ સોઢા, (૩) મોસીન આદમ સાડ, (૪) કાસમ હાજી કુંભાર, (૫) સલીમભાઇ જુસબ કુંભાર, (૬) મોહમ્મદશરીફ સીધીક મુતવા, અને (૭) રીયાઝ સીદીક કુંભારને ઝડપી લીધા હતા.પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂ. ૬૦,૨૦૦/-, ૭ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૬૫,૦૦૦/-) અને ૭ ટુ-વ્હીલર વાહનો (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/-) મળીને કુલ રૂ. ૨,૭૫,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.-અખંડ ભારત

# પ્રોહીબિશનની પ્રવૃત્તિ આચરતા બુટલેગરની પાસા હેઠળ ધરપકડ, સુરત જેલ હવાલે



જયેશ ગુંસાઇ - પૂર્વ કચ્છ-ગાંધીધામ લોકલ ક્રાઇમ બ્રાન્ચે (LCB) પ્રોહીબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા એક બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી છે.પોલીસ મહાનિરીક્ષક શ્રી ચીરાગ કોરડીયા સાહેબ અને પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર સાહેબના આદેશ મુજબ, LCB દ્વારા રાપરના દબડા ગામની ભોલેનાથ સોસાયટીમાં રહેતા હીતેન્દ્રસિંહ ઉર્ફે હીતુભા જોરૂભા વાઘેલા વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. હીતુભા વાઘેલા વિરુદ્ધ અગાઉ ગાગોદર અને અંજાર સહિતના પોલીસ સ્ટેશનોમાં દારૂની હેરાફેરી અને સંગ્રહના ગુનાઓ નોંધાયેલા હતા, અને તેના વિરુદ્ધ કુલ ૧૦ ગુનાઓ દાખલ છે.કલેકટરશ્રી આનંદ પટેલ સાહેબ, કચ્છ-ભુજ દ્વારા આ પાસા દરખાસ્ત મંજૂર રાખવામાં આવતા, LCBની ટીમે આરોપી હીતુભા વાઘેલાની પાસા તળે અટકાયત કરી તેને લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મોકલી આપ્યો છે.કચ્છ કલેકટરશ્રી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૫ અસામાજિક તત્વો વિરુદ્ધ પાસાના હુકમો જારી કરવામાં આવ્યા છે.-અખંડ ભારત

# રામદેવ અને શિવ મેટલ યાર્ડમાં થયેલ સ્ક્રેપ ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો,૩.૪૬ લાખના મુદ્દામાલ સાથે ૨ ચોર અને ૧ મદદગાર ઝડપાયા







જયેશ ગુંસાઇ - અંજાર પોલીસે મેઘપર બોરીચી વિસ્તારમાં આવેલ બે ભંગાર યાર્ડ, રામદેવ મેટલ યાર્ડ અને શિવ મેટલ યાર્ડમાં થયેલી ધરફોડ ચોરીનો ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે.પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ અને પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર સાહેબની સૂચના મુજબ, અંજાર પી.આઈ. શ્રી એ.આર. ગોહીલ અને પી.એસ.આઈ. શ્રી વાય.પી. ગોહીલની ટીમે ત્વરિત કાર્યવાહી કરી હતી. હ્યુમન સોર્સ દ્વારા બાતમી મળતાં પોલીસે માલારા મહાદેવ મંદિર રોડ પર બાવળની ઝાડીમાંથી ચોરીનો ભંગાર સગેવગે કરી રહેલા બે ઇસમોને ઝડપી લીધા હતા.ઝડપાયેલા આરોપીઓ:

કુંદનસિંગ દુશવાસિંગ સિસોદીયા (ઉ.વ. ૪૨, રહે. વરસામેડી, મૂળ બિહાર): જેના વિરુદ્ધ અગાઉ ૬ ગુના નોંધાયેલા છે.ભરત ઉર્ફે અઠો ભગાજી માજીરાણા (ઉ.વ. ૨૬, રહે. ગાંધીધામ): જેના વિરુદ્ધ અગાઉ ૧ ગુનો નોંધાયેલો છે.ગુનામાં મદદગારી કરનાર: મુકેશ ભાવેશભાઈ ઝીઝુવાડીયા (ઉ.વ. ૨૮, રહે. વરસામેડી, મૂળ પાટણ).પોલીસે આરોપીઓ પાસેથી અલગ-અલગ એલ્યુમિનિયમના પાર્ટ્સ, કોપર વાયર, મોટરના રોટર સહિતનો ભંગાર, એક સ્વીફ્ટ કાર (નં. GJ-12-CD-7846), અને બે મોબાઈલ ફોન મળીને કુલ કિંમત રૂ. ૩,૪૬,૧૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.-અખંડ ભારત

# અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદઃ ખેડૂતો ચિંતિત, પાક નિષ્ફળ જવાની ભીતિ



ખાતુભાઇ બારીયા - અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે. માલપુર તાલુકાના ખલીકપુર ગામ સહિત સમગ્ર જિલ્લામાં વરસાદ પડતાં ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.ખેડૂતોએ ઉલ્લેખ કર્યો છે કે આ વરસાદને કારણે તૈયાર થયેલા અથવા લણણીની નજીક આવેલા મગફળી, સોયાબીન અને કપાસ જેવા મુખ્ય પાકોમાં મોટા પાયે નુકસાન થવાની સંભાવના છે,

જેનાથી પાક નિષ્ફળ જઈ શકે છે.ખેડૂતોએ સરકાર પાસે માંગ કરી છે કે આ કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનની યોગ્ય સહાય તાત્કાલિક ચૂકવવામાં આવે. અરવલ્લી જિલ્લાના મુખ્ય તાલુકાઓમાં મોડાસા, માલપુર, ધનસુરા, ભિલોડા, બાયડ અને મેઘરજનો સમાવેશ થાય છે.-અખંડ ભારત

# ખાનપુર પંથકમાં કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન, ડાંગર, જુવાર અને સોયાબીનનો પાક પલળ્યો



કિરીટભાઈ ડામોર -મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના સમગ્ર પંથકમાં ભારે વરસાદ પડતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેતરોમાં લણણી માટે તૈયાર એવા ડાંગર, જુવાર અને સોયાબીન જેવા પાકો પાણીમાં પલળી ગયા છે. ખેડૂતોએ જણાવ્યું છે કે આખા વર્ષની મહેનત અને કમાણી હાથમાંથી જતી રહી છે, જેના કારણે તેમને મોટો આર્થિક ફટકો પડ્યો છે. ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક પાક નિષ્ફળ સહાયની માંગ કરી છે.-અખંડ ભારત

# પાટણના ગાજદીનપુરામાં ઠાકોર સેનાનું સ્નેહમિલન યોજાયું





અતુલજી ઠાકોર - પાટણ જિલ્લાના સમી તાલુકાના ગાજદીનપુરા ગામે આવેલા ભીમનાથ મહાદેવ મંદિર ખાતે રવિવાર, તા. ૨૬/૧૦/૨૦૨૫ ના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના (સમી, રાધનપુર અને સાંતલપુર ટીમ) દ્વારા નૂતન વર્ષાભિનંદન અને સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ પ્રમુખ અને દક્ષિણ ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અલ્પેશજી ઠાકોરના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.સમાજમાં પ્રવર્તતા કુરિવાજો અને લગ્ન પ્રસંગોમાં થતા ખોટા ખર્ચા ઘટાડવા અંગે ચર્ચા.સમાજ શિક્ષણ અને ધંધા-રોજગાર તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરે તે માટે વિચારણા.કાર્યક્રમમાં આગામી ૨૬મી જાન્યુઆરીએ પ્લેઝઝ ગ્રાઉન્ડ ખાતે મહાકુંભની દસ વર્ષ પૂર્તિ નિમિત્તે યોજાનારી જાહેરસભામાં મોટી સંખ્યામાં જોડાવા માટે સૌને આહ્વાન કરાયું હતું.આ સ્નેહમિલન કાર્યક્રમમાં પ્રદેશ ઉપપ્રમુખ અને વાવના ધારાસભ્ય તથા રાજયકક્ષાના મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર, પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન ઠાકોર, રાધનપુરના ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર સહિત જિલ્લા અને તાલુકાના નામી-અનામી પદાધિકારીઓ અને ત્રણેય તાલુકાના હજારો ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સ્વરૂચિ ભોજન લેવામાં આવ્યું હતું અને ત્રણેય તાલુકાના ઠાકોર સેના પ્રમુખો દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.-અખંડ ભારત

# અડાઆઠમ પ્રજાપતિ સમાજનું સ્નેહમિલનઃ નવનિયુક્ત-નિવૃત્ત કર્મીઓ અને તેજસ્વી તારલાઓનું સન્માન





નરેશ પ્રજાપતિ - શામળાજી વિભાગના અડાઆઠમ પ્રજાપતિ સમાજ દ્વારા ગાયત્રી મંદિર ખાતે દ્વિતીય સ્નેહમિલન અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર શ્રી શિલ્પાબેન બી. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજના નવનિયુક્ત અને નિવૃત્ત કર્મચારીઓનું સ્ટીલની બોટલ, શાલ અને ફૂલહારથી સન્માન કરાયું હતું.સમાજના ધોરણ ૧૦, ૧૨, ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન તેમજ કલા-રમતગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ ફોલ્ડર ફાઇલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. વડીલ શ્રી ખેમાભાઈ પ્રજાપતિ દ્વારા ૭૫ વર્ષથી વધુ વયના વડીલોનું શાલ ઓઢાડીને 'વય વંદના' કરવામાં આવી હતી.

પ્રજાપતિ ગીરીશભાઈ અને રામાભાઈએ સમાજને સંગઠિત બનીને આગળ વધવા હાકલ કરી હતી, જ્યારે ઉપપ્રમુખ શ્રી નરેશભાઈ અને શિક્ષણ કન્વીનર શ્રી રમેશભાઈએ શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં આગામી છઠ્ઠા સમૂહ લગ્ન ઉત્સવ અંગે પણ ચર્ચા-આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન વિશાલ પ્રજાપતિએ કર્યું હતું.-અખંડ ભારત

# ઉમરેઠમાં બ્રહ્માકુમારી હીરક જયંતિ મહોત્સવ યોજાયો




યુસુફ કટલરીવાળા - પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, વૈકુંઠધામ ઉમરેઠ ખાતે ગઈકાલે 'બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ પ્રોજેક્ટ' હેઠળ બ્રહ્માકુમારી-ગુજરાત હીરક જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.વિશ્વમાં ફેલાયેલા તણાવ, દુઃખ અને અશાંતિ વચ્ચે સ્વયં શાંતિનો અનુભવ કરી સમગ્ર વિશ્વમાં શાંતિના તરંગો ફેલાવવાના વૈશ્વિક મિશન સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. બ્રહ્માકુમારી નિતાબેને આ કાર્યક્રમનું કુશળ આયોજન કર્યું હતું.આ પ્રસંગે સંતરામ મંદિરના મહંત શ્રી હરિકિશન દાસજી મહારાજ અને ગૌરક્ષક સમિતિના અધ્યક્ષ તથા સંસ્કૃત પાઠશાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કરણદાસજી મહારાજ (ડાકોર) એ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો. ગામના પ્રતિષ્ઠિત આગેવાનો પણ આ શાંતિપૂર્ણ પહેલમાં જોડાયા હતા.-અખંડ ભારત



# કામરેજના ઉણમાં યુવકની ઘાતકી હત્યા, ગણતરીના કલાકોમાં જ આરોપી ઝડપાયો

વાઘેલા રેણુકાબા - બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઉણ ગામે લાભ પાંચમના શુભ દિવસે જ ધોળા દિવસે હત્યાનો બનાવ સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.આ બનાવમાં ગામના સહદેવસિંહ નરેન્દ્રસિંહ વાઘેલાની માતાના મંદિરના ઓટલા પરથી લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. સહદેવસિંહ વાઘેલાની કોઈ તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હત્યા કરાઈ હોવાનું અનુમાન છે, જેના પગલે વિસ્તારમાં ભય અને હડકંપ



મચી ગયો છે.હત્યાના આ બનાવની જાણ થતાં જ થરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.આ ગંભીર ગુનાના પગલે થરા પોલીસ અને એલસીબી પાલનપુરની ટીમે ગણતરીના કલાકોમાં જ હત્યારાને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

હત્યાના આરોપસર અર્જુનસિંહ ખાનુભા (રહે. ઉણ, તા. કાંકરેજ) નામના ગામના જ યુવકને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

# તલોદના દોલતાબાદ જુનાવાસમાં વર્ષો જૂની પરંપરા મુજબ ગરબા યોજાયા

વિક્રમસિંહ સોલંકી - તલોદ તાલુકાના દોલતાબાદ ગામના જુનાવાસ વિસ્તારમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.ગામના બળીયાદેવ મંદિરના સેવક શ્રી જાલમસિંહ બાપુ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજે ૨૫ થી ૩૦ ગરબા મુકવામાં આવતા આ કાર્યક્રમમાં ગામના તમામ લોકો ઉત્સાહભેર જોડાયા હતા અને પરંપરાગત રીતે ગરબાનો આનંદ માણ્યો હતો.-અખંડ ભારત



# વસૂર્ણા સ્ટેટના રાજવી નિવાસસ્થાને પરંપરાગત ગાદી પૂજાનું ભવ્ય આયોજન, સંસ્કૃતિનો વારસો જીવંત

ઘિસારામ ચૌધરી - ડાંગ જિલ્લાના વસૂર્ણા સ્ટેટ ખાતે રાજવી શ્રીના નિવાસસ્થાને વર્ષો જૂની પૌરાણિક પરંપરા મુજબ 'ગાદી પૂજા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર ગામમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો, જે ડાંગની સ્થાનિક સંસ્કૃતિ અને રાજવી વારસાનું પ્રતીક છે.કાર્યક્રમની શરૂઆત ગોમાતાના મંદિરથી થઈ હતી, જ્યાંથી પરંપરાગત 'કાહાળિયા ડોલગ' (નગારા)ના નાદ સાથે મુખ્ય માર્ગ પર ભવ્ય શોભાયાત્રા



નીકળી હતી. શોભાયાત્રા રાજવી શ્રીના નિવાસસ્થાને પહોંચ્યા બાદ શાસ્ત્રોક્ત વિધિ મુજબ 'ગાદી પૂજા'નો પ્રારંભ કરાયો હતો.વસૂર્ણા સ્ટેટના રાજવી શ્રી ધનરાજસિંહ સૂર્યવંશીએ આ પરંપરાનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આ પૂજા માત્ર એક ધર્મ નહીં, પણ વર્ષોથી ચાલી આવતી પરંપરા છે, જેને તેઓ અને તેમની આગામી પેઢીઓ પણ જાળવી રાખશે.

આ પ્રસંગે ગામ લોકો, પોલીસ પટેલ, કારભારી (જાગલીયા) અને રાજવી શ્રીના સિપાઈઓ સહિત ભાઈબંધો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ડાંગની આદિવાસી સંસ્કૃતિ અને રાજાશાહી પરંપરાના સમન્વયનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.-અખંડ ભારત

# ડાંગ જિલ્લાના ગૌરવ કૌશિક જાદવની ટીમે ઓલ ઇન્ડિયા વોલીબોલ ટૂર્નામેન્ટ જીતી





ઘિસારામ ચૌધરી - ડાંગ જિલ્લાના ડુંગરી ફળિયા (આહવા)ના રહેવાસી અને ઓલ ઈન્ડિયા વોલીબોલ સ્ટાર પ્લેયર કૌશિક જયરામભાઈ જાદવે ફરી એકવાર ડાંગનું નામ રોશન કર્યું છે.રાજસ્થાનના બીકાનેર ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયા વોલીબોલ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ૪ ટીમને આમંત્રણ અપાયું હતું, જેમાં કૌશિક જાદવની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ચેમ્પિયનશિપ હાંસલ કરી છે. ફાઈનલ મેચમાં પ્રતિસ્પર્ધી ટીમને હરાવીને ડાંગની ટીમે વિજય મેળવ્યો હતો.જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ અને રમતગમત વિભાગે ટીમના આ શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા છે. આ વિજયથી ડાંગના યુવા ખેલાડીઓને પ્રોત્સાહન મળશે.અખંડ ભારત

# મહીસાગર કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત, ડાંગર, કપાસ અને સોયાબીનને નુકસાનની ભીતિ

પટેલ મહેશચંદ્ર - મહીસાગર જિલ્લામાં તા. ૨૬મીની મધ્યરાત્રિથી કમોસમી ભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. લણણી માટે તૈયાર થઈ રહેલા મુખ્ય પાકો જેવા કે ડાંગર, કપાસ, સોયાબીન તેમજ તુવેરના પાકને આ અણધાર્યા માવઠાથી મોટું નુકસાન થાય તેવી ભીતિ સેવાઈ રહી છે.જો વરસાદનું જોર વધશે તો ધરતીપુત્રોને ખૂબ વ્યાપક નુકસાન થવાની સંભાવના છે, કારણ કે તૈયાર પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડી શકે છે અને ખેડૂતોને આર્થિક ફટકો પડી શકે છે.-અખંડ ભારત



# જંબુસરના ભણખેતર ગામની સીમમાંથી જુગાર રમતા છ શકુનિ ઝડપાયા

દિવ્યમ દવે - ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવાની પોલીસની ઝુંબેશના ભાગરૂપે જંબુસર પોલીસે ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. જંબુસરના ભણખેતર ગામની સીમમાં જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ભુતિયાની સૂચના મુજબ સ્ટાફે ભાણખેતર બસ સ્ટેન્ડની પાછળ નર્મદા કેનાલ પાસે બાવળિયાની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં પત્તા-પાના વડે જુગાર રમતા ૬ ઈસમોને ઝડપી પાડ્યા હતા.ઝડપાયેલા આરોપીઓ: (૧) રફીક ઉર્ફે કાલુ ગુલામ શેખ, (૨) ઈશ્વર કાલિદાસ વાઘેલા, (૩) બસીર સુલેમાન પટેલ, (૪) રવિ કાલિદાસ



વાઘેલા, (૫) ગોપાલ મોહન વાઘેલા, અને (૬) રાહુલ મેલાભાઈ વાઘેલા (તમામ રહે. જંબુસર). પોલીસે ફરાર આરોપી તોફિક સિકંદર મલેક (રહે. જંબુસર)ને વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસે જુગારના સ્થળેથી રોકડા ૧૯,૫૬૦/-, ૪ મોબાઈલ ફોન અને ૨ મોટરસાયકલ મળી કુલ ૧,૬૭,૫૬૦/-નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરીમાં જંબુસર પોલીસ ટીમના વી.કે. ભુતિયા સાહેબ સહિતના સ્ટાફ જોડાયો હતો.-અખંડ ભારત

# વાવ થરાદ ના નવા એસપીની ધમાકેદાર કાર્યવાહી — બુટલેગરોમાં ખળભળાટ!

ધવલ શર્મા-વાવ-થરાદ જિલ્લાના નવા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (SP) દ્વારા બુટલેગરો સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.રાત્રિના સમયે એલસીબી ટીમ દ્વારા થરાદ વિસ્તાર સહિત અનેક બોર્ડર વિસ્તારોમાં તાબડતોબ રેડ પાડવામાં આવી. આ કાર્યવાહી દરમિયાન અનેક બુટલેગરોની ગાડીઓ ઝડપાઈ છે અને તેમના સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે.સૂત્રો દ્વારા જાણવા મળે છે કે આ દરમિયાન સ્થાનિક થરાદ પોલીસ અને D-સ્ટાફ બેદરકાર સાબિત થયો હતો, જ્યારે SPની એલસીબી ટીમે જ અસરકારક રીતે ઓપરેશન ચલાવ્યું હતું.

સૂત્રો કહે છે કે આવનારા સમયમા SPની ટીમ દ્વારા વધુ કડક કાર્યવાહી હાથ ધરાશે.આ કાર્યવાહીના સમાચાર ફેલાતા જ વાવ-થરાદ વિસ્તારના લોકોમાં ખુશી અને આશાનો માહોલ જોવા મળી રહ્યો છે..અખંડ ભારત

# ભાવનગર ભાજપ દ્વારા ત્રણ વોર્ડમાં નૂતનવર્ષ સ્નેહમિલન યોજાયું



વિકાસભાઈ ચોઈથાની -ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગર દ્વારા શહેર અધ્યક્ષ કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ)ના માર્ગદર્શન હેઠળ ગતરોજ 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત કરચલીયા પરા, ઉત્તર કૃષ્ણનગર - રૂવા અને કાળીયાબીડ - સિદસર - અધેવાડા વોર્ડમાં નૂતનવર્ષ સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં શહેર અધ્યક્ષ કુણાલભાઈ શાહ, પૂર્વ શહેર અધ્યક્ષ અભયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય સેજલબેન પંડ્યા, પૂર્વ મહામંત્રી નરેશભાઈ મકવાણા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડીયા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત નગરજનો સમક્ષ 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન'નો વિષય રજૂ કર્યો હતો. આ સ્નેહમિલનમાં પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહજી રાણા, વરિષ્ઠ આગેવાનો, સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ગોવિંદપુર,ભંડારિયામાં કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન, સરકારી વળતરની માંગ

રાજેશ વળુ- ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોવિંદપુર ભંડારિયા ગામ સહિતના વિસ્તારોમાં સતત બીજા દિવસે પણ કમોસમી ભારે વરસાદ વરસ્યો છે, જેના કારણે ખેડૂતોના તૈયાર પાકને વ્યાપક નુકસાન થવા પામ્યું છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે વાવણીથી લઈને અત્યાર સુધીનો તમામ





ખર્ચ અને મહેનત આ માવઠામાં ધોવાઈ ગઈ છે, જેના કારણે તેમની આર્થિક સ્થિતિ કફોડી બની છે.ખેડૂતોએ સ્થાનિક જનપ્રતિનિધિઓ અને સરકાર પાસે તાત્કાલિક આ નુકસાનની નોંધ લેવા અને રિપોર્ટ તૈયાર કરી યોગ્ય વળતર ચૂકવવાની અપેક્ષા વ્યક્ત કરી છે, જેથી તેઓ પોતાના જીવનનું ગુજરાન ચલાવી શકે.-અખંડ ભારત

# રાજુલાની પીટીસી કોલેજમાં જુના વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

પ્રિયંકા પ્રજાપતિ - તારીખ : ૨૫/૧૦/૨૦૨૫, શનિવારે શ્રી બાપા સીતારામ પીટીસી કોલેજ,રાજુલા ખાતે વર્ષ : ૨૦૦૭-૦૮ થી ૨૦૧૦-૧૧ના પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના સફળ આયોજન અને અમલીકરણ માટે સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિમાં ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓમાંથી પ્રકાશભાઈ, અમરૂભાઈ, મધુભાઈ, સંજયભાઈ, દિલીપભાઈ, અશોકભાઈ, પ્રશાંતભાઈ, હાર્દિકભાઈ, તથા અજયભાઈ પરમારે સંભાળી કાર્યક્રમને સફળ શુભ શરૂઆત મંચસ્થ પ્રાગટ્યથી કરવામાં આવી. ભાઈઓ બહેનો દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત તમામનું પ્રશાંતભાઈ



જગદીશભાઈ, વિજયભાઈ ઉત્સાહપૂર્વક કામગીરી બનાવ્યો હતો.કાર્યક્રમની મહેમાનો દ્વારા દીપ ત્યારબાદ પ્રશિક્ષણાર્થી મહાનુભાવોનું શાબ્દિક તેમજ કરવામાં આવ્યું. આવેલ ગોસ્વામી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં તાલીમાર્થી ભાઈઓ-બહેનો દ્વારા તાલીમ સમયના સંસ્મરણો વાગોળવામાં આવ્યા.ઉપસ્થિત અધ્યાપકો દ્વારા અનુભવો રજૂ કરવામાં આવ્યા તેમજ સૌને આશીર્વચન આપવામાં આવ્યા.ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓએ પોતાના ગુરુમાતા અને ગુરુદેવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા સન્માનપત્ર અર્પણ કર્યા.કાર્યક્રમનું સંચાલન પ્રકાશભાઈ ચુડાસમા, સંજયભાઈ રાવ તથા યોગીતાબેન ત્રિવેદી દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે સંજયભાઈ રાવ દ્વારા આભાર વિધિ કરવામાં આવી.ત્યારબાદ સૌનો સમૂહ ફોટોસેશન યોજવામાં આવ્યો અને ત્યારબાદ સૌએ સાથે મળીને ભોજન પ્રસાદ લઈ કાર્યક્રમને સુખદ વિદાય આપી.-અખંડ ભારતઆ સ્નેહમિલન કાર્યક્રમ ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓ, ગુરુજનો અને અધ્યાપકો વચ્ચેનો સ્નેહબંધ વધુ મજબૂત બનાવનાર અને યાદગાર બન્યો. સૌની ઉપસ્થિતિ અને સહકારથી કાર્યક્રમ અત્યંત સફળતાપૂર્વક પૂર્ણ થયો. એવું સ્નેહ મિલન સમિતિના સભ્ય અજયભાઈ પરમારે પોતાની યાદીમાં જણાવ્યું હતું.

## સંતરામપુર તાલુકામાં અતિભારે વરસાદથી ખેડૂતો ચિંતિતઃ ડાંગર સહિતના પાકોમાં ૧૦૦ ટકા નુકસાનની ભીતિ



ઠાકોર દિનેશભાઇ - મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મોટીરેલ વેસ્ટ ગામ સહિતના વિસ્તારોમાં આજે (તારીખ ૨૭/૧૦/૨૦૨૫, સોમવાર) અતિભારે વરસાદ પડ્યો



હતો. ભારે વરસાદના કારણે ખેતરોમાં મોટા પાયે પાણી ભરાઈ ગયા છે, જેનાથી ખેડૂતોના ચહેરા પર ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.ખાસ કરીને કાપીને તૈયાર કરાયેલા ડાંગરના પાક સહિત અન્ય પાકોમાં ૧૦૦ ટકા જેટલું નુકસાન થવાની સંભાવના હોવાથી ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે.-અખંડ ભારત

## પંચમહાલ જિલ્લામાં બે દિવસથી કમોસમી વરસાદઃ ડાંગરના પાકને ભારે નુકસાન, ખેડૂતો ચિંતિત



આશીષ કામદાર -હવામાન વિભાગની આગાહી વચ્ચે પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર અને તાલુકામાં સતત બીજા દિવસે પણ ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો હતો. આ અણધાર્યા વરસાદથી જનજીવન અને ખાસ કરીને ખેડૂતોને વ્યાપક અસર થઈ છે.શહેરી વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા, જ્યારે ગ્રામ્ય પંથકના ખેડૂતોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. સતત વરસાદને કારણે ખેતરોમાં તૈયાર થયેલા ડાંગરના પાક અને ઘાસચારાને સૌથી વધુ નુકસાન થવાની સંભાવના છે. પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડશે અને ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડશે. ખેડૂતોએ સરકાર તાત્કાલિક ધોરણે નુકસાનનો સર્વે કરીને યોગ્ય સહાય પૂરી પાડે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.-અખંડ ભારત

## કપડવંજ પંથકમાં કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત



દિનેશભાઇ -કપડવંજ અને આસપાસના ગામોમાં ગત મોડી રાતથી કમોસમી વરસાદ શરૂ થતાં ધરતીપુત્રો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તૈયાર પાક બગડી જવાની પરિસ્થિતિ સર્જાઈ છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, કપાસ, મગફળી અને ડાંગરના પાકોને મોટું નુકસાન થયું છે. વધુ વરસાદની આગાહીને પગલે ખેડૂતોમાં ચિંતા વધી છે અને તૈયાર પાક બગડી જતાં ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.-અખંડ ભારત

## ગોધરાના એલોહીમ મેથોડિસ્ટ ચર્ચ ખાતે ’વેકેશન બાઇબલ સ્કૂલ’નું સફળ આયોજન



આશીષ કામદાર - ગોધરા શહેરના એલોહીમ મેથોડિસ્ટ ચર્ચ ખાતે વેકેશન બાઇબલ સ્કૂલ (V.B.S)નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં બાળકોને બાઇબલનું જ્ઞાન, લોકો સાથે હળીમળીને રહેવાનું શિક્ષણ, રમતગમત, એક્શન સોંગ અને નાટકો દ્વારા આપવામાં આવ્યું હતું.આ V.B.S.માં બાળ, પ્રાથમિક, જુનિયર, સિનિયર અને ઓપન એમ પાંચ વિભાગ રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમના છેલ્લા દિવસને 'V.B.S સન્ડે‘ તરીકે ઉજવવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઈનામ વિતરણ અને પ્રેમ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પંચમહાલ જિલ્લાના ડી.એસ. રેવ. આશિષ રાઠોડની અધ્યક્ષતા હેઠળ, ગોધરાના પાસ્ટર રેવ. આશિષ રાઠોડ અને V.B.S. ડાયરેક્ટર સોનલબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.-અખંડ ભારત

## શિંગોડા નદીના કોઝવે પર પાણી ફરી વળ્યા



રાજેશ વળુ -ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છાછર અને ગોવિંદપુર ભંડારિયા પાસેથી પસાર થતી શિંગોડા નદીમાં પાણીનો પ્રવાહ વધતાં કોઝવે પુલ પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદના કારણે તેમજ ઉપરવાસના જંગલ વિસ્તારમાં સારો વરસાદ થતાં ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. જેના પગલે ડેમના નીચાણવાળા વિસ્તારમાં આવેલા તમામ ગામોને મેસેજ દ્વારા સાવચેત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

## પાદરા તાલુકામાં બે દિવસના વરસાદથી ખેડૂતોને મોટું નુકસાનઃ ડાંગરનો તૈયાર પાક પાણીમાં ગરકાવ



ભાવેશ કાછેલા - વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પાકમાં ભારે નુકસાન થયું છે. ખાસ કરીને ડાંગરના તૈયાર પાકને સૌથી વધુ અસર થઈ છે. આમળાં ગામ સહિતના વિસ્તારોમાં વરસાદના પાણી ખેતરોમાં ભરાઈ જતાં કાપણી માટે તૈયાર થયેલો પાક પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યો છે, જેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે.-અખંડ ભારત

## ઉના તાલુકામાં ૨૪ કલાકથી કમોસમી વરસાદઃ અનેક ગામો સંપર્ક વિહોણા

બાંભણીયા રાજુભાઇ -ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના તમામ ગામોમાં છેલ્લા ૨૪ કલાકથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. સનખડા, સનખડા ખત્રીવાડા, માણેકપુર અને દુધાળા જેવા આસપાસના ગામો પાણીમાં ગરકાવ થતાં સંપર્ક વિહોણા બન્યા છે.આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર પાક જેવા કે મગફળી (માંડવી) અને કપાસને ભારે નુકસાન થયું છે. પાંચ મહિનાની મહેનત નિષ્ફળ જતાં ખેડૂતો માથે હાથ મૂકીને રોવાનો વારો આવ્યો છે. ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક ધોરણે નુકસાનનો સર્વે કરાવી ૯૦ ટકા જેટલી સહાય ચૂકવવાની માંગ કરી છે.-અખંડ ભારત

# સાપુતારા વેકેશન ફેસ્ટિવલ ૨૦૨૫ નો કરાયો પ્રારંભ









ઘિસારામ ચૌધરી- ગિરિમથક સાપુતારા ખાતે આજથી ‘સાપુતારા વેકેશન ફેસ્ટિવલગુજરાતનું સૌથી લોકપ્રિય અને એકમાત્ર હિલ સ્ટેશન, જ્યાં ચોમાસા દરમિયાન લોકકલા અને કુદરતી સૌંદર્યનો સમન્વય જીવંત તહેવાર બની જાય છે. વેકેશનની અસલી મજા, પ્રાકૃતિક સૌંદર્ય, સંસ્કૃતિ અને મનોરંજક કાર્યક્રમોની લિજ્જત માણવા પ્રવાસીઓ સાપુતારાના સોહામણા પર્યટક સ્થળે ઉમટી પડતા હોય છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્ર, અને નોટિફાઈડ એરિયા કચેરી-સાપુતારા દ્વારા આયોજિત આ ફેસ્ટિવલ તા. ૨૭ ઓક્ટોબરથી તા.૫ નવેમ્બર સુધી ચાલશે. ૧૦ દિવસ સુધી રોજેરોજ નવા આકર્ષણ સાથે ચાલનારા આ મહોત્સવમાં ઓપરેશન સિંદૂર થીમ, સાંસ્કૃતિક અને સંગીત કોન્સર્ટ, ક્રાફટ અને આદિવાસી કલા વર્કશોપ, આઉટડોર અને સાહસિક પ્રવૃતિઓ, સ્થાનિક વ્યંજનો અને સેલ્ફી પોઇન્ટ જેવા આકર્ષણો સાથે આજથી આ ભવ્ય ઉત્સવની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં ‘સાપુતારા પ્રવાસ હવે બારે માસ’ ના સૂત્રને સાર્થક કરવા તેમજ દિવાળી વેકેશન માણવા સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓને પુરતુ મનોરંજન મળી રહે અને સ્થાનિકો માટે રોજગારી પુરી પાડી શકાય તેવા ઉદેશ્ય સાથે સાપુતારા વેકેશન ફેસ્ટિવલ-૨૦૨૫ નો પ્રારંભ કરવામાં આવ્યો છે, તેમ સમારોહના ઉદ્ઘાટક જિલ્લા કલેકટર સુશ્રી શાલિની દુહાને પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું.સાપુતારાનું સૌંદર્ય અને વરસાદનો વૈભવ જ્યારે સાથે મળે ત્યારે સોનામાં સુગંધ ભળે છે. આ સુગંધને માણવાનો શ્રેષ્ઠ અવસર એટલે જ સાપુતારામાં યોજાનાર વિવિધ ફેસ્ટિવલ છે. સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલ ઉપરાંત બારે માસ પ્રવાસીઓની અવરજવર થતી રહે તે માટે ‘સાપુતારા વેકેશન ફેસ્ટિવલ ૨૦૨૫‘નું આયોજન કરવામાં આવ્યું છે. સાપુતારામાં દૂર-દૂર સુધી ફેલાયેલી ખીણો અને અને જંગલોનાં દ્રશ્યો લોકોને ખૂબ આકર્ષિત કરે છે તેમ કલેકટરશ્રીએ કહ્યું હતું.સાપુતારામાં ઉજવાતા વિવિધ ફેસ્ટિવલના પરિણામે સ્થાનિક આદિવાસી સમુદાયની પરંપરા, નૃત્ય, સંગીત અને હસ્તકલાને પ્રોત્સાહન મળ્યું છે. મહિલાઓ, હોટલ અને પરિવહન વ્યવસાય સાથે સંકળાયેલા સ્થાનિક વેપારીઓ, દુકાનદારો અને કલાકારોને રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે તેમ કલેકટરશ્રીએ જણાવ્યું હતું. -અખંડ ભારત

## બાર ગામ ક્ષત્રિય રાઠોડ સમાજનું ૨૨મું સ્નેહમિલન ઘડકણ ગામે યોજાયું: શિક્ષણ પર ભાર મૂકવા અને કુરિવાજો દૂર કરવા સંકલ્પ

ઠાકોર રાજેન્દ્રકુમાર - દહેગામ તાલુકા અને સાબરકાંઠાના બાર ગામ ક્ષત્રિય રાઠોડ સમાજનું ૨૨મું સ્નેહમિલન સમારોહ ઘડકણ ગામ ખાતે યોજાયું હતું. આ સમારોહમાં સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો એકઠા થયા હતા અને સમાજમાં વ્યાપેલા કુરિવાજો દૂર કરવા તેમજ શિક્ષણ પર વધારે ભાર મૂકવા માટે કટિબદ્ધ થયા હતા.સમાજમાંથી દારૂનું વ્યસન, બાળ વિવાહ, તથા લગ્ન, બાબરી અને



શ્રીમંત સંસ્કાર જેવા પ્રસંગો પર થતા ખોટા ખર્ચાઓ સદંતર બંધ કરવાની હાકલ કરવામાં આવી હતી અને તે ખર્ચાઓ બાળકોના શિક્ષણ પાછળ વાપરવા અપીલ કરવામાં આવી હતી. આ સ્નેહમિલનમાં નવી કમિટીની રચના કરવામાં આવી હતી. ઉપરાંત, ધોરણ ૧૦ અને ૧૨માં વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ, નવીન સરકારી નોકરીમાં નિમણૂક પામેલા કર્મચારીઓ અને સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## હિંમતનગર રેલવે પ્લેટફોર્મ પરથી ૭૯.૨૧ લાખનો બિનવારસી માદક પદાર્થ ઝડપાયો: અમદાવાદ રેલવે SOG ને તપાસ સોંપાઈ

સંજીવ શર્મા - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પરથી રવિવાર, ૨૬ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ પોલીસને ૭૯.૨૧ લાખની કિંમતનો બિનવારસી માદક પદાર્થ મળી આવ્યો છે.સવારે ૯ વાગ્યે હિંમતનગર રેલવે આઉટ પોસ્ટના પોલીસ કોન્સ્ટેબલો પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે વીરભૂમિ એક્સપ્રેસના જનરલ કોચ પાસે એક ગ્રે કલરની સોલ્ડર બેગ મળી આવી હતી, જેમાં શંકાસ્પદ માદક પદાર્થ હોવાનું જણાયું હતું. બેગનો કોઈ વારસદાર ન મળતાં, હિંમતનગર રેલવે પોલીસે માદક પદાર્થ કબજે કર્યો છે. આ મામલે અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધીને, આગળની તપાસ અમદાવાદ રેલવે એસ.ઓ.જી.ને સોંપવામાં આવી છે. આ કાર્યવાહી રેલવેઝ, ગુજરાતના અધિક પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડની સૂચનાથી કરવામાં આવી હતી.-અખંડ ભારત

## થરાદના કાસવી ગામે ભાગવત સપ્તાહ દરમિયાન સંત સંમેલન યોજાયું: ગૌસેવા પર વિશેષ ભાર મુકાયો

હિતેશ મણવર -થરાદ તાલુકાના કાસવી ગામે ચાલી રહેલા ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના ભાગરૂપે આજે સંત સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં કરબુણ મઠના મહંત નાગરવન બાપજી અને ઢીમાના જાનકીનાથ બાપજી સહિત આસપાસના મઠના સંત-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.કરબુણ મઠના મહંત નાગરવન બાપજીએ તેમના પ્રવચનમાં ગાય માતાના



મહત્વ વિશે અને ગૌશાળા તથા નંદીશાળા બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે દરેક ઘરમાં ગાયો રાખવા અને ગૌસેવા કરવા માટે ભાવિકોને સુંદર ઉપદેશ આપ્યો હતો.-અખંડ ભારત

## નેલસુર પ્રાથમિક શાળા તોડી પાડવામાં આવતાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થવાની ભીતિ







પરેશ અમલીયાર - દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નેલસુર મુખ્ય પ્રાથમિક શાળાને નવી બાંધવા માટે તોડી પાડવામાં આવી છે. શિક્ષકોના જણાવ્યા મુજબ, શાળાને નવી બનાવવામાં આવશે. જોકે, શાળા તોડી પડતાં વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે.વાલીઓની માંગ છે કે નવી શાળાનું બાંધકામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે, કારણ કે ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે હાલમાં માત્ર બે જ રૂમ ઉપલબ્ધ છે. ઓછા રૂમને કારણે વિદ્યાર્થીઓને બેસાડવામાં મુશ્કેલી પડી રહી છે અને તેમના અભ્યાસ પર વિપરીત અસર પડવાની સંભાવના છે.-અખંડ ભારત

## બોરસદના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીની ક્ષત્રિય સમાજના યુવાનોએ શુભેચ્છા મુલાકાત લીધી



પરમાર હિરેનકુમાર - બોરસદના ધારાસભ્ય અને ગુજરાત સરકારના તાજેતરમાં નિમણૂક પામેલા કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી)ની રવિવાર, તા. ૨૬-૧૦-૨૦૨૫ ના રોજ બોરસદના વોર્ડ નંબર ૪ના ક્ષત્રિય સમાજના વડીલો અને યુવાનોએ તેમના નિવાસ સ્થાન જંત્રાલ ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી.વિવિધ વિકાસ કાર્યો માટે જાણીતા રમણભાઈ સોલંકીને યુવાઓએ અભિનંદન પાઠવ્યા હતા. અશ્વિનભાઈ ચૌહાણ અને રાજદીપસિંહ સહિતના યુવાઓએ ક્ષત્રિય પરંપરા મુજબ મંત્રીશ્રીને તલવાર અર્પણ કરીને તેમનું સન્માન કર્યું હતું.--અખંડ ભારત

## વાડી ગામે કમોસમી વરસાદ: ભર શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાતા ખેડૂતો ચિંતિત



ઠાકોર જયદીપ -શહેરા તાલુકાના વાડી ગામે તારીખ ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ કમોસમી વરસાદ વરસ્યો હતો. વાદળછાયા વાતાવરણમાં અણધાર્યો પલટો આવતા માવઠું પડ્યું હતું, જેના કારણે જાણે ભર શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. અચાનક આવેલા આ વરસાદના કારણે ખેડૂતોમાં પોતાના ઊભા પાકને નુકસાન થવાની ચિંતા વ્યાપી ગઈ છે.-અખંડ ભારત

## કઠલાલ તાલુકામાં કમોસમી વરસાદ: ડાંગરના પાકને ભારે નુકસાન, કિસાન સંઘ દ્વારા તાત્કાલિક સર્વે અને સહાયની માંગ

ધર્મેન્દ્રસિંહ ડાભી - કઠલાલ તાલુકાના અરાલ ગામ સહિતના વિવિધ વિસ્તારોમાં રવિવારે સાંજે હવામાનમાં અચાનક પલટો આવ્યા બાદ મોડી રાત્રે કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં વરસ્યા હતા. અણધાર્યા સમયે આવેલા આ માવઠાના કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.આ કમોસમી વરસાદથી મુખ્યત્વે ડાંગરના પાકને સૌથી વધુ નુકસાન થયું છે. કઠલાલ તાલુકા કિસાન સંઘના પ્રમુખ શ્રી ડાયાભાઈ ડાભીએ પત્રકાર સમક્ષ ખેડૂતોની વેદના રજૂ કરી હતી. તેમણે સરકારને તાત્કાલિક પગલાં લેવા, ત્વરિત સર્વે કરાવીને ડાંગર તથા અન્ય પાકોને થયેલા નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવાની માંગણી કરી છે. ઉપરાંત, ખેડૂતોને પાક વીમા યોજનાઓનો લાભ











મળે તેવી રજૂઆત પણ કિસાન સંઘ દ્વારા કરવામાં આવી છે.-અખંડ ભારત

## નસવાડી તાલુકામાં માવઠાની ભીતિ: કમોસમી વરસાદના વાદળો ઘેરાતા કપાસ પકવતા ખેડૂતો ચિંતિત



ચિરાગ ગુપ્તા - નસવાડી તાલુકામાં શનિવારથી આકાશમાં કમોસમી વરસાદનાં વાદળો ઘેરાતાં કપાસ પકવતા ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી છે. નસવાડી ખેતીપ્રધાન તાલુકો હોવા છતાં કપાસની આવક હજુ માંડ એક ટકા જ શરૂ થઈ છે અને હવે આવક વધવાની શક્યતા છે, તેવામાં વરસાદનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.કેટલાક વિસ્તારોમાં વરસાદના છાંટા પણ પડ્યા હતા. ખેડૂતોને ડર છે કે જો ધોધમાર વરસાદ પડશે તો કપાસના ઊભા છોડને ભારે નુકસાન થશે, કારણ કે હાલમાં છોડ પર સારો એવો 'લાગ' (ઝીંડવા) આવ્યો છે. ખેડૂતોએ દવા છંટકાવ અને પાણી પાવા પાછળ મોટો ખર્ચ કર્યો છે. ખેડૂત હિતેસિંગભાઈ ભીલના જણાવ્યા મુજબ, વરસાદ પડે તો કપાસનો બધો લાગ ખરી પડશે, સીઝન એક મહિનો પાછળ જશે અને ખેડૂતનો ખર્ચ વધશે. -અખંડ ભારત

## ઝઘડિયાના ઉમલ્લા નજીક રાજશ્રી પોલિફિલ કંપની અને સેવારૂરલ હોસ્પિટલના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો




મુનાફ શેખ -ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉમલ્લા નજીક આવેલી રાજશ્રી પોલિફિલ કંપની (RPL) દ્વારા તેની CSR પ્રવૃત્તિ હેઠળ ઝઘડિયાની સેવારૂરલ હોસ્પિટલના સહયોગથી ઈન્દોર ગામે મફત નેત્ર નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં આંખની વિવિધ તકલીફોવાળા કુલ ૨૯૫ દર્દીઓને આંખ નિષ્ણાત તબીબો દ્વારા તપાસવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૨૪ દર્દીઓને વધુ સારવાર અને ઓપરેશન માટે સેવારૂરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૨૪૧ જેટલા દર્દીઓને ચશ્માની જરૂરિયાત હતી. આયોજિત કેમ્પનો ઉમલ્લા પંથકના ૨૦ જેટલા ગામોના દર્દીઓએ લાભ લીધો હતો.-અખંડ ભારત

# જુનાગઢના ટીકર ગામે રજા પર આવેલા આર્મીમેન મિત્રોને બચાવતા ઓઝત નદીમાં ડૂબી જતાં શહીદ થયા



ટીલાવત જનકરાય - જુનાગઢ જિલ્લાના ટીકર ગામે લેહ-લદાખ ખાતે આર્મીમાં ફરજ બજાવતા ભરત લક્ષ્મણ ભેટારીયા રજા પર પોતાના વતન આવ્યા હતા. તેઓ મિત્રો સાથે ગામના પાદરમાં આવેલી ઓઝત નદીમાં નહાવા ગયા હતા. આ દરમિયાન મિત્રો પાણીમાં ડૂબવા લાગતાં ભરતભાઈ તેમને બચાવવા માટે ગયા અને મિત્રોને સફળતાપૂર્વક બચાવી લીધા હતા, પરંતુ પોતે ઊંડા પાણીમાં ગરક થઈ ગયા હતા.૧૮ કલાકની ભારે મહેનત બાદ ભરતભાઈનો મૃતદેહ નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. પોતાના મિત્રોને બચાવતા વીરગતિ પામેલા ભરતભાઈના મૃતદેહને ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ સંસ્કાર આપવામાં આવ્યા હતા. આ સમયે સમગ્ર ગામ, કેબિનેટ મંત્રી અને ધારાસભ્યસહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ભેટારીયા પરિવારના છ સભ્યો ભારતીય સેનામાં ફરજ બજાવે છે.-અખંડ ભારત

# સાવરકુંડલામાં કમોસમી ૪ ઈંચ વરસાદથી નાવલી નદીમાં પૂર, ડેમ ઓવરફ્લો



વરસાદ ખાબકતાં નાવલી નદીમાં પૂરના દ્રશ્યો જોવા મળ્યા હતા.

પ્રશાંતકુમાર-હવામાન વિભાગની આગાહી મુજબ, અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં મેઘરાજાએ ફરી બેટિંગ શરૂ કરી છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતો પાયમાલ થયા છે. તૈયાર થયેલા કપાસ અને મગફળીના પાકને સીધી અસર થતાં મોંમાં આવેલો કોળિયો છીનવાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે.સાવરકુંડલામાં આશરે ૪ ઈંચ વરસાદ ખાબકતાં નાવલી નદીમાં પૂરના દ્રશ્યો જોવા મળ્યા હતા. ઉપરાંત, હાથસણી ગામનો શેલ દેદુમલ ડેમ ઓવરફ્લો થતાં તેનો દરવાજો ખોલવામાં આવ્યો હતો, જ્યારે નેસડીનો ખોડિયાર ચેક ડેમ પણ ઓવરફ્લો થયો છે. ખેતરો અને નદી-નાળાં પાણીથી છલકાઈ ગયા છે. તંત્ર દ્વારા સાવરકુંડલાના આજુબાજુના બધા જ ગામો અને નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે દિવાળી પછી શિયાળો શરૂ થતો હોય છે, ત્યારે આ અણધાર્યા ચોમાસાથી લોકો આશ્ચર્યમાં છે.-અખંડ ભારત

# જંબુસર APMC ચેરમેન દ્વારા કમોસમી વરસાદથી થયેલા પાકના નુકસાન અંગે મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને રજૂઆત



દિવ્યમ દવે -જંબુસર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ના ચેરમેન શ્રી વનરાજસિંહ છત્રસિંહ મોરીએ જંબુસર અને આમોદ તાલુકામાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર પાકને થયેલા નુકસાન અંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને ધારદાર રજૂઆત કરી છે.ચેરમેનશ્રીએ જણાવ્યું કે વરસાદના કારણે કપાસ, તુવેર, મગ, મઠ જેવા ઉભા પાકોને વ્યાપક નુકસાન થયું છે, તેમજ માલઢોરનો ચારો પણ બગડી ગયો છે. તેમણે સરકારને તાત્કાલિક ધોરણે નુકસાનીનો સર્વે કરાવીને જંબુસર અને આમોદ તાલુકાના ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવા વિનંતી કરી છે. ખેડૂતોને વિશ્વાસ છે કે તેમની રજૂઆતને ધ્યાનમાં લઈને સરકાર વહેલી તકે જરૂરી પગલાં લેશે.-અખંડ ભારત

# વાવ-થરાદ જિલ્લામાં પોલીસ અને પત્રકારો વચ્ચે સ્નેહમિલન: સાચા પત્રકારોની ઓળખ માટે સત્તાવાર નામાવલી તૈયાર થશે



થાનાજી રાજપૂત -વાવ-થરાદ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા મીડિયા અને પોલીસ વચ્ચે સંકલન, વિશ્વાસ અને પરસ્પર સહકાર વધારવાના હેતુથી પત્રકાર-પોલીસ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની અધ્યક્ષતા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયાએ કરી હતી.આ પ્રસંગે પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયાએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, દરેક તાલુકાના પત્રકારોની સત્તાવાર નામાવલી તૈયાર કરીને સાચા પત્રકારોની ઓળખ મજબૂત બનાવવા સાથે સંકલન માટે સત્તાવાર ગ્રુપ રચાશે. તેમણે પત્રકાર-પોલીસ સંબંધો વિશ્વાસ અને સહકાર પર આધારિત હોવા પર ભાર મૂક્યો હતો.કાર્યક્રમમાં પત્રકારત્વની જવાબદારી, મીડિયા-પોલીસ સંકલન અને માહિતીની ભૂમિકા અંગે ચર્ચા થઈ હતી. સિનિયર પત્રકારોએ પત્રકારત્વની નિષ્પક્ષતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. થરાદના પત્રકારોએ રાજસ્થાન તરફ જતી મુખ્ય કેનાલ પાસેની દુર્ઘટનાઓને ધ્યાને લઈ ત્યાં પોલીસ ચોકી સ્થાપવાની માંગણી પણ કરી હતી. આ સ્નેહમિલનથી પોલીસ અને પત્રકારો વચ્ચે સહકારના નવા અધ્યાયની શરૂઆત થઈ છે.-અખંડ ભારત

# રાજયના ૧૭ હજાર સસ્તા અનાજના પરવાનેદારો ૧લી નવેમ્બરથી વિતરણ ઠપ કરશે

ક્રિપલાની સુમિતભાઈ - ગુજરાત રાજ્ય ફેર પ્રાઈઝ શોપ એન્ડ રોસીન લાઈસન્સ હોલ્ડર્સ એસોસિએશને કમિશન વધારવા સહિતની પડતર માગણીઓ ન સ્વીકારાય તો ૧લી નવેમ્બર, ૨૦૨૫થી રાજ્યભરમાં અનાજનું વિતરણ બંધ કરવાની ચીમકી ઉચ્ચારી છે. રાજ્યના ૧૭ હજાર જેટલા સસ્તા અનાજના પરવાનેદારો આ આંદોલનમાં જોડાશે.એસોસિએશને જાહેરાત કરી છે કે, નવેમ્બર મહિનાના જથ્થા માટે ૩૦મી ઓક્ટોબરથી પરમિટ કે ચલણ જનરેટ કરવામાં આવશે નહીં. તેમની મુખ્ય માગણીઓમાં મોંઘવારીના પગલે કમિશનની રકમ વધારીને પ્રતિ ક્વિન્ટલ ૩૦૦ કરવા, મિનિમમ ગેરેન્ટેડ કમિશન ૩૦ હજાર કરવા અને તકેદારી સમિતિના ૮૦ ટકા સભ્યોના બાયોમેટ્રિક લેવાના પરિપત્રને રદ કરવા સહિતના વિવિધ મુદ્દાઓનો સમાવેશ થાય છે. સરકારે અગાઉ કરેલી રજૂઆતોનો યોગ્ય જવાબ ન આપતાં હવે ન છૂટકે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે.-અખંડ ભારત

## મેઘરજ તાલુકામાં ભર શિયાળે કમોસમી વરસાદ: ડાંગરના પાકને ભારે નુકસાન, ખેડૂતોએ તાત્કાલિક વળતરની માંગ કરી



મહેશ ધમલાત -અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નાની મોયડી (કંપા) ગામ સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ભર શિયાળે વરસાદી માહોલ સર્જાયો હતો. સતત પડતા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને મોટાપાયે નુકસાન થયું છે. ખાસ કરીને ડાંગરના તૈયાર પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી પાક બેસી ગયો છે, જેના કારણે ઉત્પાદન ઘટવાની શક્યતા છે. ખેડૂતોએ મહેનત અને ખર્ચ કરીને તૈયાર કરેલો પાક પાણીમાં ડૂબી જતાં તેમની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. સ્થાનિક ખેડૂતોએ સરકારને તાત્કાલિક સર્વે કરીને થયેલા પાક નુકસાનનું વળતર ચૂકવવાની વિનંતી કરી છે, જેથી તેમને આર્થિક રાહત મળી શકે.--અખંડ ભારત

# લાલસારથી બાલાસિનોર જતા રસ્તા પર સુપર કેરી ગાડી પલટી, જાનહાનિ ટળી



વિશ્વજીત માલિવાડ - મહીસાગર જિલ્લામાં લાલસારથી બાલાસિનોર તરફ જતા રસ્તા પર એક સુપર કેરી ગાડી રસ્તાની સાઈડમાં પલટી મારી ગઈ હતી. સદનસીબે, આ અકસ્માતમાં કોઈને પણ જાનહાનિ થઈ નથી અને ગાડીનો ડ્રાઈવર પણ સુરક્ષિત છે.-અખંડ ભારત

## અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદથી પાકને ભારે નુકસાન: કોંગ્રેસે તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરવા માંગ કરી



અરવલ્લી જિલ્લામાં યુસુફ કલાલ -અરવલ્લી જિલ્લામાં રાતથી સતત વરસાદી માહોલ જામતા ખેડૂતોને ભારે નુકસાન પહોંચ્યું છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં કપાસ, મગફળી, સોયાબીન, અડદ અને ડાંગર સહિતના તૈયાર પાકો પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોની મહેનત પાણીમાં ગઈ છે અને તેમની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર પડી છે.આ મામલે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઈ પટેલે સરકાર પાસે તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી છે. કોંગ્રેસે માંગ કરી છે કે, સરકારે તાત્કાલિક ધોરણે પાક નુકસાનનો સર્વે હાથ ધરીને ખેડૂતોને યોગ્ય પાક વળતર અને સહાય રકમ ચૂકવવી જોઈએ. સાથે જ, કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર તાત્કાલિક પગલાં નહી લે તો જિલ્લા કોંગ્રેસ દ્વારા આંદોલન શરૂ કરવામાં આવશે.-અખંડ ભારત

# ધોળકામાં આવેદનપત્ર અપાયું



વેગડા હર્ષદભાઈ લિમ્બચીયા શંભુભાઈ -અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે અનુસૂચિત સમાજના લોકો દ્વારા જાતિવાદી માનસિકતાના વિરોધમાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં ભારતના સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ સાહેબ પર ચાલુ કોર્ટમાં જૂતું ફેંકવાની ઘટના તેમજ હરિયાણાના આઈ.પી.એસ. અધિકારી વાય. પુરણકુમારને જાતિવાદી અધિકારીઓ દ્વારા હેરાનગતિના કારણે આત્મહત્યા કરવી પડી હોવાના બે બનાવોના અનુસંધાનમાં રજૂઆત કરવામાં આવી હતી.

આવેદનપત્ર આપીને સમાજે આ બંને ઘટનાઓ પ્રત્યે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.-અખંડ ભારત

# લીંબચધામ ખાતે સ્નેહમિલન અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



કનુ વાળંદ -માલપુરીયા બારા ચોર્યાશી ગોળ વાળંદ સમાજ દ્વારા મેઘરજ મુકામે લીબચધામ મંદિરે સ્નેહમિલન અને ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની અધ્યક્ષતા શ્રી દીપીનભાઈ મોહનભાઈ વાળંદે કરી હતી, જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે દ્વયથી ધોરણ ૮ સુધીના બાળકોને લંચબોક્સ, શૈક્ષણિક કીટ અને નોટબુક આપવામાં આવી હતી, જ્યારે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ તરીકે ટ્રોફી અને નોટબુક આપવામાં આવી હતી. સમાજના તેજસ્વી તારલાઓ અને નવનિયુક્ત કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખ મીનેશભાઈ વાળંદ અને મંત્રી ડો. અનંતભાઈ વાળંદે બાળકો શિક્ષણ ક્ષેત્રે વધુ પ્રગતિ કરે તે માટે ભાર મૂક્યો હતો.-અખંડ ભારત

## સાતડા ગામે વિશ્વકર્મા અને ચામુંડા માતાના મંદિરે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



હરેશ પંચાલ -માલપુર તાલુકાના સાતડા ગામે શ્રી વિશ્વકર્મા અને શ્રી ચામુંડા માતાના મંદિરમાં શ્રી પંચાલ નવનીતભાઈની આગેવાની હેઠળ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના ૧,૦૦૦થી વધુ લોકોએ હાજરી આપી હતી.સ્નેહમિલન દરમિયાન ગ્રામજનોએ એકબીજાને નવા વર્ષના રામરામ કરી, નવા વિચારો સાથે ગામના વિકાસમાં સહભાગી થવાનો અને અન્નનો બગાડ ન થાય તેવા નિયમોનું પાલન કરવાનો સંકલ્પ લીધો હતો. વર્ષોની જૂની પરંપરા મુજબ ગાયો દોડાવીને નવા વર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સમૂહ આરતી કરીને કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# રાજુલા તાલુકામાં ભારે વરસાદ: ઉચૈયા, ભચાદર અને ધારાનાનેસ સહિતનાં ગામોમાંથી ૧૭૦ લોકોનું રેસ્ક્યુ કરાયું



જીજ્ઞેશ બારૈયા -અમરેલી જિલ્લાના રાજુલા તાલુકા સહિતના વિસ્તારમાં ભારે વરસાદના પગલે જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડ પર કામગીરી કરી રહ્યું છે. ભારે વરસાદના કારણે રાજુલા તાલુકાના પાંચ જેટલા ગામો અસરગ્રસ્ત બન્યા છે.વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે ઉચૈયા ગામેથી ૫૦, ભચાદરમાંથી ૫૦ અને ધારાનાનેસ ગામેથી ૭૦ લોકો સહિત કુલ ૧૭૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. ઉચૈયા અને ધારાનાનેસ ગામના સ્થળાંતર કરાયેલા ૧૫૦ લોકોને પ્રાથમિક શાળાઓમાં આશ્રય આપવામાં આવ્યો છે, જ્યારે ભચાદરના ૧૦૦ લોકોને સગા-સંબંધીઓના ત્યાં ખસેડાયા છે. તમામ અસરગ્રસ્તો માટે સ્થાનિક સ્તરેથી ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.-અખંડ ભારત

# ફોટા પાડતી વખતે પગ લપસતાં વલસાડના યુવાનનું ડૂબી જવાથી મૃત્યુ

રાઠોડ નિલેશભાઇ -વલસાડ જિલ્લાના બામટી ગામના ચાર યુવાનો કપરાડા તાલુકાના દીક્ષલ ગામે આવેલા પ્રસિદ્ધ જવરા-જવરી ધોધનું કુદરતી સૌંદર્ય માણવા ગયા હતા. આ આનંદભરી સફર કરૂણાંતિકામાં ફેરવાઈ હતી જ્યારે ફોટા પાડતી વખતે બામટી ગામના યુવાન અંકિત પટેલનો પગ ભીના પથ્થર પરથી લપસ્યો અને તે સીધો જ ધોધના કુંડના ઊંડા પાણીમાં પડી ગયો.અંકિત તરવાનો પ્રયાસ કરવા છતાં પાણીની વધુ ઊંડાઈને કારણે બહાર નીકળી શક્યો નહી. સાથી મિત્રો તરતા ન આવડતાં મદદ કરી શક્યા નહોતા. સૌથી ગંભીર બાબત એ હતી કે ઘટનાસ્થળે મોબાઈલ નેટવર્કનો અભાવ હોવાથી સમયસર મદદ ન મળી શકી અને અંકિતનું દુઃખદ અવસાન થયું. આ ઘટનાએ પ્રવાસન સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા અને તાત્કાલિક સહાયની સુવિધાઓ અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.-અખંડ ભારત

# કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનનું વળતર ચૂકવવા કૃષિ મંત્રીને રજૂઆત

રાઠોડ નિલેશ -વલસાડ-ડાંગ લોકસભા મતવિસ્તારમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે લોકસભાના દંડક અને સાંસદ શ્રી ધવલભાઈ પટેલે રાજ્યના કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને તાત્કાલિક વળતર ચૂકવવા માટે રજૂઆત કરી છે. તેમણે આ વિસ્તારના અસરગ્રસ્ત ખેડૂતોને ઝડપથી આર્થિક સહાય મળે તેવી માંગ કરી છે.-અખંડ ભારત

## વાવ-થરાદ જિલ્લામાં ભર શિયાળે કમોસમી વરસાદ: ખેડૂતોને પડતા પર પાટું જેવો ઘા, બાગાયતી અને રવિ પાકને નુકસાન

વોક્જી ચૌધરી -વાવ-થરાદ જિલ્લામાં આજે અચાનક હવામાન પલટો આવતાં ભર શિયાળે કમોસમી વરસાદ વરસ્યો છે, જેના કારણે ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ચોમાસામાં પૂરની પરિસ્થિતિનો સામનો કર્યા બાદ ખેડૂતોએ માંડ રવિ પાકની વાવણી કરી હતી અને પાક ઊગી નીકળ્યો હતો, ત્યાં ફરી કુદરતી આફત આવતા 'પડતા પર પાટું' જેવી સ્થિતિ સર્જાઈ છે.આ કમોસમી વરસાદના કારણે દાડમ જેવા બાગાયતી પાક સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે. તેમજ રવિ સિઝનના ઊગેલા પાકને પણ ભારે નુકસાન થવાની ભીતિ છે. હાલમાં વાવ-થરાદ જિલ્લામાં અષાઢી મહિના જેવો માહોલ જોવા મળી રહ્યો છે, જેનાથી ખેડૂતોની આશાઓ પર પાણી ફરી વળ્યું છે.-અખંડ ભારત

## બાયડ પંથકમાં રાત્રિ દરમિયાન કમોસમી વરસાદ: મગફળી, કપાસ અને ડાંગરના તૈયાર પાકોને મોટું નુકસાન



ત્રિલોક પંડયા -અરવલ્લી જિલ્લામાં ગઈ કાલથી વાતાવરણમાં પલટો આવ્યા બાદ બાયડ સહિત સમગ્ર પંથકમાં ગત રાત્રી દરમિયાન અણધાર્યું વરસાદી ઝાપટું પડ્યું હતું. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.મહિનાઓની મહેનત બાદ તૈયાર થયેલા મગફળી, સોયાબીન, કપાસ અને ડાંગર સહિતના પાકો ખેતરમાં જ પલળી જતાં ખેતીને મોટું નુકસાન થયું છે. પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડશે અને ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડશે. જગતનો તાત (ખેડૂત) લાંબા સમયથી કરેલી મહેનત પર પાણી ફરી વળતા નિરાશ થયો છે અને સરકાર તરફથી તાત્કાલિક સહાયની આશા રાખી રહ્યો છે.-અખંડ ભારત

# ઉત્તર ભારતીય સમાજ દ્વારા છઠ પૂજા યોજાઇ



લતિન રાઉત-વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઉમરગામ ખાતે કોસ્ટલ હાઈવે નજીક આવેલા તળાવ ઉપર ઉત્તર ભારતીય સમાજ દ્વારા છઠ પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ છઠ પૂજાના દર્શન અને વિધિ માટે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો ઉમટી પડ્યા હતા.-અખંડ ભારત

## પિલવાઈથી માતાના મઢ પગપાળા યાત્રા સંઘની વરસાદમાં પણ સફર અવિરત ચાલુ



વિહોલ માયાબેન -મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પિલવાઈ ગામમાંથી માતાના મઢ (કચ્છ) જવા નીકળેલા પગપાળા સંઘની યાત્રાના પાંચમા દિવસે વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદ હોવા છતાં, પિલવાઈના માઈ ભક્તોએ પોતાની પદયાત્રા અવિરત ચાલુ રાખી હતી. માઈ ભક્તોએ 'માં આશાપુરાની જય'ના નાદ સાથે સૌની મનોકામના પૂરી થાય તેવી પ્રાર્થના કરી હતી.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697